નવાં બંધાયેલા બિલ્ડિંગમાં રેડી ફ્લેટ 1,2,3 BHK વેચાણથી મળશે
1,2,3 & 4 BHK ભાડેથી મળશે
બુકિંગમાં 2 BHK અને 3 BHK સારા એરિયામાં મળશે
તિરૂમાલા હેબીટેટસ, રૂનવાલ એન્થુરીયમ, દેવીદયાલ રોડ, સર્વોદય નગર, તાંબેનગર 2 અને 3 BHK મળશે
ઓબેરોયમાં 3 અને 4 BHK વેચાણથી તેમજ ભાડેથી મળશે
Deepak Kesaria
9707 777 771

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com

વર્ષ : ૨૭ ● અંક : ૩૦ ● સળંગ અંક : ૧૩૪૬ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૪ ઓગસ્ટ – ૨૦ ઓગસ્ટ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂ.૫.૦૦



METRO
GROUP

સરસ્વતી પૅરડાઇસ
ફક્ત સૌથી વિશિષ્ટ માટે જ 'settle' કરજો

આ સમય છે, અનેક સુવિધાઓ અને સિંગલ સરફેસ પાર્કિંગના 8 સ્તરો સાથે પ્રાઇમ લોકેશન પર તમારા સપનાનું ઘર બુક કરવાનો.

Saraswati paradise
MULUND WEST

PREMIUM 2 & 3 BHK HOMES

Zaver Road, Mulund West
+91 88 2890 0009
www.saraswatiparadise.in

Site Address: Saraswati Paradise, at Zaver Road, Mulund West - 400080

Disclaimer: The plans, specifications, images and other details herein are only indicative and the developers reserve their rights to change any or all of these in the interest of the development. The printed material does not constitute an offer and or contract of any type between the developer and the recipient. Any purchase/lessee of this development shall be governed by the terms and conditions of the agreement for sale/lease entered into between parties and no detail mentioned in this printed material shall in any way govern such transaction.

MahaRERA Registration No.: P51800051636

Click Here

અન્નદાન – મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

PRIME PEST CONTROL
BMC Approved
Pest Control &
Also Services For
Mosquito & Bird Netting
TO BOOK YOUR SERVICE
80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.

વર્ષ : ૨૭ ● અંક : ૩૦ ● સળંગ અંક : ૧૩૪૬ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૪ ઓગસ્ટ – ૨૦ ઓગસ્ટ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂ.૫.૦૦

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
1st July - 31st December 2024
With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative
STAMP FRANKING Now Available
HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
*7.49% (p.a.)
GOLD LOAN
COMMERCIAL VEHICLE LOAN
EDUCATION LOAN
LOAN AGAINST INSURANCE POLICY
*ROI linked to the CIBIL score.
Terms & conditions apply
Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083
Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385
Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)
SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com @ Arihant Bank

Click Here



ચાલો જન્માષ્ટમી ઉજવીએ...
ગુર્જરમાત પ્રસ્તુત
શ્રી કૃષ્ણ લીલા ૨
Supported By
સોમવાર, તા.૨૬ ઓગસ્ટ, રાત્રે ૯.૦૦ કલાકે
કાલિદાસ નાટ્યગૃહ, મુલુંડ (વેસ્ટ).
મિહિર કોટેચા
(MLA)
હિના ઠક્કર અને
સાથી કલાકારો
ગીત, સંગીત અને નૃત્યના સથવારે
OUR SPONSORS
VIKAS CONSTRUCTIONS
H.R. JANTA
AUTOMOTIVE SOLUTIONS
BUY | SELL | SERVICE
PRE-OWNED CARS
MAHIZ TRENDZ
BY: MALVI SHAH
Complete fashion solution
BOSS STUDIO
PANKAJ SHAH
9769997949
OSCAR
PREM GROUP
LIFE BEYOND SQ. FT.
(Formerly known as M/s Premji M. Gada)
J.M. Kothari & Sons
હિરાલાલ મૃગ પરિવાર
Kamlesh
HOTEL Tip Top PLAZA
ROOMS • RESTAURANT • BANQUETS
અન્નદાન - મહાદાન
@ હેપી ફીલ
સંપર્ક : 79771 17894
PC
Pankaj Chheda
93210 77077
BONROCK SERVICES
DHARMESH DANCE STUDIO
Stitch-Ell
GENT'S BOUTIQUE
IN TIME TOURS
સંધ્યાબેન અરૂણ ભીડે
માતુશ્રી મણીબેન જેરામ પોપટ પરિવાર
મોટી ભાડઈ(માંડવી-કચ્છ)
Tickets available on
book my show
Also....
સંપર્ક : 9322257731 • 9769305488


Click Here

પોસ્ટ ખાતાની વિવિધ બચત તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે
9920014863


# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

New Collection in Festival Season
M to 10 XL કુર્તી, કુર્તી–પેન્ટ સેટ, વેસ્ટર્ન ટોપ, વેસ્ટર્ન ગાઉન, પેન્ટ, જેગીન, પાયજામા, ટી શર્ટ, લેડીઝ નીકર બધામાં નીત–નવિન વેરાયટી જોવા આજે જ મુલાકાત કરો.
Hemangi Dedhia
9987897979

વર્ષ : ૨૭ • અંક : ૩૦ • સળંગ અંક : ૧૩૪૬ • મુંબઈ • બુધવાર • તા.૧૪ ઓગસ્ટ – ૨૦ ઓગસ્ટ ૨૦૨૪ • કુલ પાના : ૨૪ • કિંમત રૂા.૫.૦૦

ATTRACTIVE SHRAVAN DEALS





OSCAR INFRASTRUCTURE PVT. LTD.

THE LIMITED EDITION Life BY OSCAR

AMENITIES

| | |
|---|---|
| GYMNASIUM | FLAG HOISTING AREA |
| INDOOR GAMES | SR CITIZEN CORNER |
| SPORTS TURF | AMPHI-THEATER |
| MEETING ROOM | OUTDOOR GYM |
| LOUNGE AREA | MEDITATION DECK |
| PARTY LAWN | SAND PIT |
| GAZEBO | KIDS' PLAY AREA |
| REFLEXOLOGY PATH | ROCK CLIMBING |
| READING CORNER | JOGGING TRACK |

INDEPENDENCE FROM HEAVY EMIS

SHRAVAN SAVINGS EVERY MONDAY

PAY JUST 10% NOW
ONLY 19,999/- EMI TILL POSSESSION*


CONSTRUCTION IN FULL SWING

BOOK YOUR DREAM HOME WITH THE BIGGEST BRAND OF MULUND

2, 3, 4 & 5 BHK EXQUISITE HOMES | 1.89 CR ONWARDS | 9619 44 22 50

DISCLAIMER: THIS PROJECT IS REGISTERED UNDER MAHARERA NO. P51800056240 THIS ADVERTISEMENT / PRINTED MATERIAL DOES NOT CONSTITUTE AN OFFER OR CONTRACT OF ANY NATURE WHATSOEVER BETWEEN THE PROMOTER AND THE RECIPIENT. ALL TRANSACTIONS IN THIS DEVELOPMENT SHALL BE SUBJECT TO AND GOVERNED BY THE TERMS AND CONDITIONS OF THE AGREEMENT FOR SALE TO BE ENTERED INTO BETWEEN THE PARTIES. GOVT TAXES AND CHARGES EXTRA. *T&C APPLY

Click Here


૧૫મી ઓગસ્ટ
આઝાદીની ૭૭મી જયંતી
દેશવાસીઓને હાર્દિક શુભકામના
HAPPY
Independence
DAY
:: સૌજન્ય ::
• શ્રીમાન ચંદ્રકાત વલ્લભજી ગોગરી
• શ્રીમતી જયા ચંદ્રકાંત ગોગરી
• શ્રીમાન દામજી માણેક ગડા
• શ્રીમતી દીના દામજી ગડા

Click Here

Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Payment - Full Cheque
If Required we sending
Photos and Videos.
Kalpesh Thakkar
9224944922, 9223944922

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Prime Location Devidayal
Sold Out
~~2 BHK 600 cpt @ 1.40 cr.~~
2 BHK 715 cpt @ 1.70 cr.
3 BHK 960 cpt @ 2.40 cr.
RTMI, નવું બિલ્ડિંગ,
રેડી પઝેશન, દલાલ આવકાર્ય.
90226 87343
83697 71377

વર્ષ : ૨૭ ● અંક : ૩૦ ● સળંગ અંક : ૧૩૪૬ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૪ ઓગસ્ટ - ૨૦ ઓગસ્ટ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂા.૫.૦૦

# મનસે દ્વારા મુલુંડમાં આજે મધરાતે સ્વાતંત્ર્ય દિવસની દબદબાભેર ઉજવણી

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના મુલુંડ દ્વારા છેલ્લા દસ વર્ષથી સ્વામી વિવેકાનંદ ચોક, મેહુલ સર્કલ પરિસર, મુલુંડ વેસ્ટમાં સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી વિવિધ વિશિષ્ટ સુશોભન-શણગાર સાથે બહુરંગી લાઈટ રોશની કરી છેલ્લે ધ્વજારોહણ કરાય છે.

(અનુસંધાન ૮મા પાને)

ગુરૂવાર, ૧૫મી ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે **ગુર્જરમાતનું કાર્યાલય બંધ રહેશે** તેની વાચકોએ નોંધ લેવા વિનંતી.

નારી સાડી
બાધણી, ઘરચોળા, બનારસી, સેલાનું ભવ્યાતિભવ્ય સેલ
જોગેશ્વરી ઈસ્ટ પ્રસ્તુત
રૂા.૩૫,૦૦૦/- ના રીયલ ઈક્કત પટોળા માત્ર રૂા.૧૭,૫૦૦/- માં
રૂા.૨૨,૦૦૦/- ના રીયલ રાજકોટી પટોળા રૂા.૧૧,૦૦૦/- માં
રૂા.૧૫,૦૦૦/- ના રીયલ ઘરચોળા માત્ર રૂા. ૭,૫૦૦/- માં
રૂા.૩૦,૦૦૦/- ની રીયલ મીનાકારી બાંધણી માત્ર રૂા.૧૫,૦૦૦/- માં
રૂા.૨૦,૦૦૦/- ની રીયલ બનારસી બાંધણી માત્ર રૂા.૧૦,૫૦૦/- માં
રૂા.૭,૦૦૦/- ની ગજી સિલ્ક બાંધણી માત્ર રૂા.૩,૫૦૦/- માં
રૂા.૫,૦૦૦/- ના બનારસી સેલા માત્ર રૂા.૨૫૦૦/- માં
એવી જ રીતે અસંખ્ય વેરાયટીઝ ફાયદામાં...
ફોન કરીને આવવા નમ્ર વિનંતી ફોન નં. 8097987978/9820207332
શોપ નં. - ૭, સેટેલાઈટ ક્લાસિક, સ્ટેશન રોડ, જોગેશ્વરી ઈસ્ટ, મુંબઈ-૬૦

કિંજલ ફૂડ
વિદેશમાં ઉપયોગી
રેડી ટુ ઈટ, ડીહાઈડ્રેટેડ,
ફ્રીઝડ્રાઈડ, ફ્રોઝન ફૂડ
માટે વ્યાપારી પૂછપરછ આવકાર્ય
તેમજ ભારતમાં પ્રવાસ દરમિયાન
ટ્રેન-એરપોર્ટ ઉપર
ફ્રેશ જૈન વેજ/સાત્વિક ફૂડ
92215 06127
website : www.kinjalfood.com

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
1080 ફુટ કારપેટ
3 BHK ઝવેર રોડ
ખાતે નવી બિલ્ડીંગમાં
2 પાર્કિંગ સાથે વેચવાનો છે
8169222044



Sangeet | Reception | Gala Night | Haldi - Mehendi
Lagna Lakhan | Wedding | Social & Religious event
80 to 800 capacity | Ample Parking | 2 mins. walk (Mulund Rly.Stn)
Luxurious Decor | Finest Caterers on board
"Introducing all inclusive banquet packages!"
To know more +917532060708
THE PALACE BANQUETS
Most Loved Banquet 4.5/5

રક્ષાબંધન અને પસતી ઉજવો
પરિવાર, મિત્રો અને ટિપટોપ પ્લાઝા સંગ



Package starts from
₹ 42,000 only
for 30 pax, including banquet hall + Food
*Prices are valid only for the month of August.
T&C apply
HOTEL Tip Top PLAZA
ROOMS • RESTAURANT • BANQUETS
Trust meets Tradition
L.B.S. Marg, Near Teen Hath Naka,
Thane (W), Tel.: 80822 33333/022 6793 5516
www.hoteltiptopplaza.in • info@hoteltiptopplaza.in

Click Here

# મનસે મુલુંડ દ્વારા આજે મધરાતે ૭૮મા સ્વાતંત્ર્ય દિવસની દબદબાભેર ઉજવણી...(પહેલા પાનેથી ચાલુ)







આ ઉજવણી પ્રસંગે દેશની વિશિષ્ટ સિધ્ધિઓને આવરી ડેકોરેશન કરાય છે. એ પ્રસંગની કૃતિની રચના આકર્ષક અને આબેહુબ કરાય છે. જેનું દર્શન કરી દર્શકો રાષ્ટ્રભાવનાથી ગૌરવિન્ત થાય છે. આ ઉપક્રમમાં ૨૦૧૬માં લાલ કિલ્લાની ભવ્ય પ્રતિકૃતિ, ૨૦૧૭ વર્ષમાં અટારી-વાઘા બોર્ડરનું સુભગ દર્શન, વર્ષ ૨૦૧૮માં કારગીલ શહીદ સ્મારકનું દિવ્ય દર્શન, વર્ષ ૨૦૨૨માં રાષ્ટ્રપતિ ભવનની દર્શનીય પ્રતિકૃતિ, વર્ષ ૨૦૨૩માં ચંદ્રયાનની ભવ્ય આકૃતિ દર્શાવી ઈસરોના કાર્યને બિરદાવવામાં આવ્યું હતું. આજ પરંપરામાં આ વર્ષે ૨૦૨૪માં ટી૨૦ વર્લ્ડ કપ વિજય ચેમ્પિયનશીપ થનાર ઈન્ડિયન ક્રિકેટ ટીમની મુંબઈમાં થયેલ સ્વાગત યાત્રાનું સુભગ દર્શન સુશોભન કરાયું છે. જે આકર્ષક અને મનમોહક બની રહેશે.

મનસે મુલુંડ વિધાન સભા વિભાગ અધ્યક્ષ રાજેશ ચવ્હાણના માર્ગદર્શન અને નેતૃત્વમાં ૭૮મા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી આજે તા.૧૪ ઓગસ્ટ બુધવાર રાત્રે ૧૧ વાગે સૌ પ્રથમ મશાલ જ્યોત રેલી, ૧૧.૫૨ કલાકે સ્વાતંત્ર્ય જ્યોતનું પ્રાગટ્ય, ૧૧.૫૫ કલાકે શહીદ સ્મારકને માનવંદના અને છેલ્લે મધરાત ૧૨ કલાકે મુંબઈ ક્રિકેટ એસોસિએશનના નવ નિયુક્ત પ્રેસિડન્ટ અજીંક્ય નાઈક દ્વારા ધ્વજારોહણ અને સામૂહિક રાષ્ટ્રગીતનું સામૂહિક ગાન અને ધ્વજાવંદના થશે.

રાષ્ટ્રભક્તિની આ ઝાકઝમાળ ઉજવણીમાં મુલુંડના પ્રત્યેક નાગરિક ભાઈ બહેનો શક્ય હોય તો ઈન્ડિયન ટીમનો ટી શર્ટ પરિધાન કરી જોડાય એવું આહવાન મનસે દ્વારા કરાયું છે.







Click Here

# ANNUAL SALE

Manoranjan®

SINCE 1960

UPTO **50%*** OFF

Sarees •
Chanya Choli - Churidaar •
Designer Lehenga's •
Kurtis - Tunics •
Party Gowns •
Dress Material •

6000 sq.ft. Ethnic Collection*

**CALL: 90815 75859**

Paanch Rasta, Mulund (West)

Thursday's Open During Sale

*T&C Apply

Click Here

# ગુર્જરમાત પ્રસ્તુત શ્રી કૃષ્ણ લીલાની દ્વિતીય વર્ષે રજૂઆતમાં વિશેષ આકર્ષણમાં નવા પ્રસંગો અને લીલાનો સમાવેશ કરાયો છે




ગત વર્ષે તા.૬ સપ્ટેમ્બરના પ્રથમવાર ભવ્યપણે શ્રી કૃષ્ણ લીલાની પ્રસ્તુતિ કરાઈ હતી. જેને પ્રેક્ષકોએ ઉત્કૃષ્ટ પ્રતિસાદ આપી કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવી હતી અને નવતર આયોજનની પ્રશંસા કરી હતી. દર વર્ષે આ પ્રસ્તુત થાય એવી પ્રેક્ષકોએ ઈચ્છા દર્શાવી હતી. ખાસ કરીને કિશોર, તરૂણો અને યુવા પેઢીને માટે તેમનામાં ધર્મ, જ્ઞાનની જાગૃતિ થાય અને ગીત-સંગીત અને દ્રશ્ય શ્રાવ્યની અસર ચિત પર જડબેસલાક થાય છે એવું જણાવ્યું હતું. આ માંગણી ઈચ્છાને અનુરૂપ ફરીવાર આ વરસે એટલે દ્વિતીય વર્ષે ગત વર્ષના લીલા પ્રસંગો, ગીતો અને દ્રશ્ય શ્રાવ્યનો સમાવેશ તો છે જ આ ઉપરાંત નવા પ્રસંગો લીલાઓનો ઉમેરો કરાયો છે. જે નવું આકર્ષણ બની રહેશે એવો વિશ્વાસ સંચાલિકા હિના ઠક્કર એ વ્યક્ત કર્યો છે.

હિના ઠક્કર અને સાથી કલાકારોને સંગે ગીત-સંગીત અને નૃત્યના સથવારે શ્રી કૃષ્ણ લીલા દ્વિતીય વર્ષની પ્રસ્તુતિ તા.૨૬ ઓગસ્ટ સોમવારે રાતે ૯ કલાકે કાલિદાસ નાટ્યગૃહ, મુલુંડમાં થશે. આ કાર્યક્રમ જોવા-માણવાનો અવસર ચૂકવા જેવો નથી. **ગ્રુપ બુકીંગ માટે સંપર્ક : ૯૩૨૨૨૫૭૭૩૧, ૯૭૬૯૩૦૫૪૮૮.**

**ગુર્જરમાત પ્રસ્તુત શ્રી કૃષ્ણ લીલા નવા આકર્ષણના ઉમેરા સાથે ભવ્ય પ્રસ્તુતિ જોવા સૌ આવો છો ને? ધર્મ-સંસ્કૃતિની ગીત સંગીત અને દ્રશ્ય શ્રાવ્ય દ્વારા અનન્ય પ્રસ્તુતિ શ્રી કૃષ્ણ લીલા દ્વિતીય વર્ષ.**



# મુલુંડ પોલીસ સ્ટેશન દ્વારા ગુમ થયેલા કે ચોરાયેલા ૧૪૦ મોબાઈલ ફોન ફરિયાદીઓને પરત કરાયા

મુલુંડ પોલીસ સ્ટેશને કાર્યવાહીમાં ચોરેલા અને ખોવાયેલા મોબાઈલ ફોનને પુનઃપ્રાપ્ત કરવા માટે એક વિશેષ અભિયાન શરૂ કર્યું હતું. અધિકારી અને કોન્સ્ટેબલોના સતત પ્રયાસોને કારણે અને ગુપ્ત માહિતીનો ઉપયોગ કરીને કુલ ૧૪૦ મોબાઈલ ફોન રિકવર કરવામાં આવ્યા હતા અને તા.૮ ઓગસ્ટ ગુરૂવારે ફરિયાદીઓને પુરૂષોત્તમ કરાડ સિનીયર પોલીસ ઉપાયુક્ત ઝોન ૭ના હસ્તે સુપ્રત કરાયા હતા.

આ જહેમત ભરી કામગીરી પોલીસ ઉપઆયુક્ત પરિમંડળ ૭ ના સૂચના અને માર્ગદર્શન હેઠળ મુલુંડ પોલીસ વિભાગના અજય જોષીના વડપણ હેઠળ પોલીસ ઉપનિરીક્ષક અમોલ બોરસે, પોલીસ હવાલદાર ચેતન ઉરણકર, રુપાલી હડબળે CDR, SDR ની તાંત્રિક તપાસ વિશ્લેષણ કરી કેન્દ્ર સરકારના CEIR પોર્ટલથી મળેલ માહિતીના આધારે સદર કાર્યવાહી થઈ હતી.

મુલુંડ પોલીસ સ્ટેશન દ્વારા રિકવર કરેલા મોબાઈલ ફોન તેના અસલ વપરાશકર્તાને પરત કરવામાં આવ્યા. નાગરિકોએ તેમના ખોવાયેલા ફોન પરત મળવા બદલ આનંદ સાથે પોલીસ વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો.







Click Here

# પરીક્ષામાં મળેલી ટકાવારી જીવનમાં સફળતાનો માપદંડ નથી



તંત્રીસ્થાનેથી
જયંત છેડા

તાજેતરમાં એક મિત્રના પુત્રને મળવાનું થયું જેણે એસએસસી, ૧૨મું ધોરણ અને એન્જિનિયરિંગની પરીક્ષામાં ખૂબ સુંદર પર્સન્ટેજ મેળવ્યા હોવા છતાં તેને એક વર્ષથી તેની મનપસંદ જોબ મળી નથી. નવું શૈક્ષણિક વર્ષ ચાલુ થાય એના તરફ બધાનું ધ્યાન હોય છે પરંતુ આવા દરેક નવા વરસ સાથે કેટલા નવા બેરોજગારો બજારમાં ઠલવાય છે તેના તરફ કોઈનું ધ્યાન જતું નથી. આપણા દેશમાં હજી જોબ શબ્દ બહુ નાનો અને બિન-મહત્વનો છે અને એજ્યુકેશન શબ્દ ખૂબ મોટો અને મહત્વનો છે. એજ્યુકેશનમાં ટકાવારીની દોડમાં આપણા સમાજે બહુ મોટા ગોથા ખાધા છે. પરિણામ એ આવ્યું છે કે ઊંચી ટકાવારી પણ વિદ્યાર્થીઓનેજીવનમાં સફળતા મેળવવા બહુ કામમાં લાગતી નથી. આજે જે બેરોજગારીની બૂમાબૂમ છે એમાં બહુધા ઉમેદવારો ઊંચી ટકાવારી મેળવેલા તેજસ્વી વિદ્યાર્થીઓ છે. એ ટકાવારી એમને જોબ માર્કેટમાં કામ આવતી નથી, કારણ કે ટકાવારીના આધારેજોબમાં ક્યાંય સીધો પ્રવેશ મળતો જ નથી, કે ટકાવારીના આધારે બિઝનેસ કે પ્રોફેશનમાં સફળ થવાની ગેરંટી નથી.

ઉદાહરણ તરીકે માનો કે એક વિદ્યાર્થીને ટકાવારીને આધારે ખઇઇજમાં પ્રવેશ મળી જાય પરંતુ ડોક્ટર તરીકે તેની પ્રેક્ટિસ ચાલશે કે નહીં એ ટકાવારી નક્કી ન કરી શકે. એ તો ડોક્ટરની માનવીય ઊંચાઈ અને એમના સ્વભાવ પર આધારિત છે. આપણે ત્યાં એવા અનેક ડોકટરો થઈ ગયા છે જેમની પાસે જૂની આરએમપી જેવી ડીગ્રી હતી પરંતુ દર્દીના નિદાન અને ઉપચારમાં તેમની માસ્ટરી હતો. પછી લોકો એમ કહે છે કે એમના હાથમાં જશરેખા છે!

ટ્યુશન ક્લાસના માલિકોએ વાલીઓના મનમાં ટકાવારીનું જે ભૂત ભરાવ્યું છે તે આવી પરિસ્થિતિ જોવા છતાં હજી સુધી નીકળ્યું નથી. મુખ્યત્વે વિજ્ઞાન અને ગણિતના શિક્ષકો ઊંચી ટકાવારીની વકીલાત કરે છે. એ કબૂલ કે એક તબક્કે તેઓ સાચા હતા પરંતુ આજે એમને પૂછો કે મારે ઊંચા ટકા આવ્યા પણ નોકરી કેમ નથી મળતી? તો એનો જવાબ એમની પાસે નથી. જે સત્ય છે એ તેઓ કહી નહીં શકે. અને સત્ય એ છે કે કોઇપણ પદવી આપણને એ ક્ષેત્રના વ્યાવસાયિક કે ઔદ્યોગિક સેક્ટરમાં માત્ર પ્રવેશ અપાવી શકે, પછી એમાં સફળ થવા આપણે પ્રવૃત થવું પડે.

ભારતીય સમાજે છેલ્લા બે-ત્રણ દાયકામાં ટકાવારી માટે જે દોટ મૂકી તેને કારણે આપણી સંસ્કૃતિના અન્ય અંગો જેવા કે કળા, સાહિત્ય, સંગીતને છોડી દીધા છે. એના ચિંતાજનક પરિણામો સામે આવવા લાગ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી વિદ્યાર્થીઓ તો ઠીક, તેમના શિક્ષકો અને અધ્યાપકો પણ સ્કૂલ કે કોલેજની લાયબ્રેરીમાં દેખાતા નથી. તેમના ઘરે જાવ તો પણ ત્યાં ફક્ત પાઠ્યપુસ્તકો સિવાય અન્ય કોઈ પુસ્તકો જોવા નહીં મળે. શિક્ષકો/અધ્યાપકોની વાણીમાં પણ સતત ટકાવારીની ટક ટક થયા કરે છે. તેઓ તેમના વિષયના સંદર્ભોના અનેક જ્ઞાન-ઝરણાંઓથી અજાણ છે. આપણે ત્યાં કહેવત છે કે કૂવામાં હોય તો હવાડામાં આવે. આવા શિક્ષકોને હાથે ઘડાયેલા નવા યુવા વર્ગને આજે બેરોજગારી જેવી ગંભીર સમસ્યાઓનો સામનો કરવાનો વખત આવ્યો છે. આ હળવાશથી લેવા જેવી સામાન્ય વાત નથી પરંતુ એવી પરિસ્થિતિ છે જેને સુધારવા માટે યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો ભારતના યુવાનોની ઊંચી શૈક્ષણિક ટકાવારી છતાં અધૂરા જ્ઞાનને કારણે ભવિષ્ય અંધકારમય થઇ જશે.

દુનિયાની કોઈ પણ પ્રજા પોતાની બધી જ સમસ્યાઓનો ઉકેલ જો પોતાની સરકાર પાસેથી જ ચાહે તો એ ઉકેલ એને મળવાનો નથી. ફક્ત સમય પસાર થઈ જવાનો છે અને સમસ્યા હાઈફ્લડ લેવલને પણ વટી જવાની છે. વ્યવસાય ક્ષેત્રે સોંપેલા કામ પ્રત્યે દેશની નવી પેઢી કાચી પડી રહી છે, એ જ કારણ છે કે આજે સિવિલ કે મિકેનિકલ એન્જિનિયરનો પ્રારંભિક પગાર ૮-૧૦ હજારથી શરૂ થાય છે. પછી તેનું યોગ્ય પરફોર્મન્સ હોય તો જ તેમને ટકાવે અને પગાર વધારે છે.

ગુજરાતીઓ તો મહાવ્યાપારી અને મહાપરિશ્રમી પ્રજા છે, એને પોતાના કામકાજ અને વ્યવસાય-ઉદ્યોગ દ્વારા બેઠા થતાં બહુ વાર લાગતી નથી, પરંતુ દેશના દર્પણમાં પણ ગુજરાતીઓએ એ જોઈ લેવું જોઈએ કે પોતાની નવી પેઢી કયા માર્ગે છે અને જરૂર પડે તો એને એક નાજુક વળાંક આપીને ઉચ્ચ લક્ષાંકો તરફ પ્રેરિત કરવી જોઈએ.

## શ્રી મુલુંડ ક.વિ.ઓ.સમાજ સાંસ્કૃતિક સમિતિ દ્વારા બેઝિક ટુ એડવાન્સ ગરબા વર્કશોપ

શ્રી મુલુંડ ક.વિ.ઓ.સમાજ સાંસ્કૃતિક સમિતિ દ્વારા બેઝિક ટુ એડવાન્સ ગરબા વર્કશોપ ૨૦૨૪ નાટ્યમ પૂજાના પૂજા દેઢિયા (ગઢશીસા)ના સથવારે. ગુજરાતી ભાતીગળ સંસ્કૃતિની ઓળખ એટલે ગરબા અને આ ગરબાના વર્કશોપમાં તમારી માટે લઈને આવ્યા છીએ વૈવિધ્ય ભર્યા અર્વાચીન રીતે રમતા ગરબાના વિવિધ પ્રકાર સ્પિન, બેરલ અને દાંડિયા રોલની પધ્ધતિ અને રીત શીખવાડવામાં આવશે. જે હંમેશા રમવા ગમે અને સહુના ફેવરેટ પોપટ, ફૂટબોલ અને તેમના સ્ટેપસમાં વિવિધતા સહિત શીખવાડવામાં આવશે. ઈન્સ્ટાગ્રામ વિશેષ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રભુત્વ ધરાવતા અર્વાચીન સ્ટેપ્સ પણ શીખવાડવામાં આવશે.

તા.૯, ૧૧, ૧૩, ૧૮, ૨૦, ૨૩, ૨૫, ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ (ટોટલ ૮ સેશન)

સમય : રાતના ૮.૩૦ થી ૧૦.૩૦. ફી કે.વી.ઓ.માટે ૧૬૦૦/- અને અન્ય માટે ૧૮૦૦/-. જી પે નંબર : ૮૪૫૨૯૩૨૨૪૨. સ્થળ : પર્લ બેન્કવેટ હોલ, O2 આશા નગર પાસે, અચીજા હોટેલની નજીક. તો આ નવરાત્રિમાં આ ગરબા વર્કશોપમાં અર્વાચીન અને નવા સ્ટેપ્સ શીખીને ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ઉજવણી કરવાની આ તક ગુમાવશો નહીં. રજિસ્ટ્રેશન અને વધુ માહિતી માટે સંપર્ક કરો : રેશ્મા મામણીયા-૯૮૨૧૬૫૮૮૬૬, સંજયા મામણીયા-૯૮૨૧૨૨૯૦૫૮. નામ નોંધાવવાની છેલ્લી તા.૨૫ ઓગસ્ટ રવિવાર.

## ૧૫મી ઓગસ્ટના વિવિધ સ્થળોએ ધ્વજવંદનનો કાર્યક્રમ

મુલુંડના વરિષ્ઠ કોંગ્રેસી નેતા આર. આર. એજ્યુકેશન ટ્રસ્ટના અધ્યક્ષ અને મુલુંડ સિટીઝન ચેરીટેબલ ટ્રસ્ટ ડો. આર. આર. સિંહે સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે ગુરૂવારે તા.૧૫મી ઓગસ્ટના વિવિધ જગ્યાએ ધ્વજવંદનનો કાર્યક્રમ આયોજિત કર્યો છે. મુલુંડ પશ્ચિમમાં શાસ્ત્રીનગર સાંઈબાબા મંદિર, અમર નગર રાજીવ ગાંધી ચોક, મુલુંડ કોલોનીમાં કોંગ્રેસ કાર્યાલય, જવાહર ટોકીઝ પાસે સંજય ગાંધી નગર, ગાલા કંપની પાસે સીતા નગર ડમ્પિંગ રોડ, વૈશાલી નગર ખાતે ધ્વજવંદન થશે. આ સમયે શહેરીજનોને ઉપસ્થિત રહેવા આયોજકોએ આગ્રહભરી અપીલ કરી છે.

## શ્રી મુલુંડ ક.વી.ઓ.સમાજ સાંસ્કૃતિક સમિતિ દ્વારા જ્વેલરી મેકીંગ વર્કશોપ

શ્રી મુલુંડ ક.વિ.ઓ.સમાજ સાંસ્કૃતિક સમિતિ દ્વારા 'જ્વેલરી મેકીંગ વર્કશોપ' ખંજના કવન મોતા (બિદડા) દ્વારા શીખવાડવામાં આવશે સુંદર અને આકર્ષક જ્વેલરી.

અલગ અલગ ૧૨ પ્રકારની જ્વેલરી શીખી ને તમે તમારી કળાને ઉજાગર કરો અને જ્વેલરી બનાવવા માટે જોઈતા મટીરીયલ અને સાધનો સાથે.

નવરાત્રી સ્પેશ્યિલ જ્વેલરી તો ખરી જ. Earing, Fancy Hair Extention, Bangle, Necklace, Bracelet, Anklet. બુધવાર, તા.૨૧ અને ગુરૂવાર, તા.૨૨ ઓગસ્ટ ૨૦૨૪, સમય બપોરના ૨ થી સાંજના ૫. ફી કે.વી.ઓ.માટે રૂા.૨૧૦૦, અન્ય માટે રૂા.૨૪૦૦. જી પે નંબર ૮૪૫૨૯૩૨૨૪૨.

સ્થળ શ્રી મુલુંડ ક.વી.ઓ. સમાજ, જાનકી નિવાસ, પહેલે માળે જૂની પ્રગતિ હોસ્પિટલની ઉપર, ગણેશ ગાવડે ક્રોસ લેન, બાવાજીની ઝૂંપડીની સામે, મુલુંડ વેસ્ટ.

વધુ વિગતો માટે સંપર્ક : નયના દેઢિયા-૯૯૩૦૨૧૮૪૦, મિનલ ગાલા-૯૯૨૦૬૭૦૦૧૦

## મુલુંડમાં આવેલ દરેક દુકાનોમાં તિરંગો લહેરાવવાની અપીલ

નરેન્દ્ર મોદીની સ્વતંત્રતા દિન નિમિત્તે 'હર ઘર તિરંગા' લહેરાવવાના આહવાનને પગલે શોપકીપર્સ વેલ્ફેર એસોસિએશન-મુલુંડના અધ્યક્ષ અતુલ કોઠારી એ મુલુંડના તમામ વેપારી ભાઈઓ તથા દુકાનદારોને રાષ્ટ્રની શાન એવા તિરંગા ધ્વજને દુકાનો પર લહેરાવવાની અપીલ કરવામાં આવી છે. સમગ્ર મુલુંડની દુકાનો તિરંગામય બની રહે એવી શુભેચ્છા આપી સહકાર આપવા વિનંતી કરી છે.

## મુલુંડમાં ગુજરાતી સમાજો દ્વારા ૧૫ ઓગસ્ટની ઊજવણી કરવામાં આવશે

માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચ અને શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા ગુરૂવાર તા.૧૫ ઓગસ્ટના રોજ સંસ્થાના કાર્યાલય, ગાયત્રી બિલ્ડીંગ, એન.એસ.રોડ પોલીસ સ્ટેશન સામે, આનંદ ક્લાસીસના પ્રાંગણમાં સ્વતંત્રતા દિન પ્રસંગે સંયુક્ત રીતે ધ્વજવંદન કાર્યક્રમ સવારે ૧૦.૩૦ કલાકે સમાજ શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં રાષ્ટ્રભક્તિના પ્રતિક એવા રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવશે. વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થશે. વ્યવસ્થામાં સ્નેહા કેટરર્સના શ્રી સંજયભાઈ માળીનો સાથ મળી રહે છે. રાષ્ટ્રપ્રેમી જનોને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ છે.

## ગૂગલ મેપ્સ પર ગણેશ ભક્તોને મળશે કૃત્રિમ તળાવોની માહિતી

પર્યાવરણનું જતન કરવા માટે શાડુ માટીની મૂર્તિઓ બનાવવામાં આવી રહી છે. તેથી ઘરની ગણેશમૂર્તિની સાથે જ નાના ગણેશોત્સવ મંડળોની મૂર્તિનું વિસર્જન કરવા માટે કૃત્રિમ તળાવની સંખ્યા પણ ૧૯૧થી ૨૫૦ કરી દેવામાં આવી છે. કૃત્રિમ તળાવો(આર્ટિફીશ્યલ પોન્ડ)ની માહિતી ગૂગલ મેપ્સ પર ઉપલબ્ધ કરી આપવામાં આવવાની છે. તેમ જ ગણેશ ભક્તોને 'ક્યૂઆર કોડ' પર કૃત્રિમ તળાવની માહિતી મળશે. આ 'ક્યૂઆર કોડ' મૂર્તિકારોના મંડપની બહારના ભાગમાં લગાડવામાં આવશે. ગયા વર્ષે વરલી લોટસ જેટી, ગેટ વે ઑફ ઈન્ડિયા પર ગણેશમૂર્તિના વિસર્જન પર પ્રશાસને પ્રતિબંધ મૂક્યો હતો. જોકે આ પ્રતિબંધ હટાવવાની માગણી સમન્વય સમિતિએ કરી હતી, જેને પાલિકાએ માન્ય રાખતા આ વર્ષે અહીં વિસર્જન કરવામાં કોઈ અડચણ નહીં આવે.

Click Here

# પોસ્ટ ઓફિસમાં ખાતાધારક બુઝુર્ગો માટે રેલીંગની વ્યવસ્થા

મુલુંડ પશ્ચિમમાં નહેરુ રોડ પર આવેલી પોસ્ટ ઓફિસમાં બે પોસ્ટ ઓફિસનું કામકાજ થાય છે. જ્યા ખાતા ધારક સિનિયર સીટીઝન્સની વધુ અવરજવર થતી હોય છે. એમને પગથિયાં ચડવા આધારની જરૂર છે એવી અપેક્ષાને લક્ષમાં લઈ શ્રી સોમચંદભાઈ વેલજી લોડાયા (મુલુંડ ઈસ્ટ)ના યોગદાનથી તા ૧૨ ઓગસ્ટના રોજ બંને સાઈડ સ્ટીલ રોડની રેલીંગ બેસાડવામાં આવી હતી. પોસ્ટ ઓફિસની આ અપેક્ષા પૂર્ણ કરવા સોમચંદભાઈએ નક્કી કર્યું અને લાલજી સરે એના માટેની પરમીશન, બાંધકામ સહિતની બાકીની બધી વિધિ પૂર્ણ કરાવી હતી. મુલુંડ (૫) સબ પોસ્ટ માસ્ટર શ્રીમતી જે એચ.અંતપુરા, નહેરુ રોડ પો.ઓ. સબ પો. મા. શ્રીમતી સુનિતા અનિલકુમાર દ્વારા શ્રીફળ વધેરી, મીઠું મોઢું કરાવી પી.આર. ઓ.ટી.ઈ.મેથ્યુ સર અને બુઝુર્ગોની ઉપસ્થિતિમાં આ સુવિધાની શુભ શરૂઆત થઈ હતી. પોસ્ટ ઓફિસ વતીથી સોમચંદભાઈ લોડાયા અને લાલજી સરનો આભાર માની વોટર કુલરની વ્યવસ્થા થાય એ માટે અપેક્ષા વ્યક્ત કરી હતી.









# છેડા ડ્રાયફ્રુટ્સએ ૨૭ વર્ષ પૂર્ણ કર્યા તે નિમિત્તે

## કાજુ કતલી પર 27% ડિસ્કાઉન્ટ

સ્વાતંત્ર્ય દિવસ અને રક્ષાબંધનના તહેવારોમાં મુલુંડવાસીઓના આનંદને દ્વિગુણિત કરવા મુલુંડમાં ઉચ્ચ ગુણવત્તાની મીઠાઈઓ, ટ્રેન્ડી ચોકલેટ્સ અને ડ્રાયફ્રુટ્સ ખરીદવાના વિશ્વાસપાત્ર સ્થળ છેડા ડ્રાયફ્રુટ્સએ ૨૭ વર્ષ પૂર્ણ કર્યા તેની ખુશાલીમાં તેના માનવંતા ગ્રાહકોને ૧૫મી ઓગસ્ટ (સ્વાતંત્ર્ય દિવસ)થી ૧૯ ઓગસ્ટ (રક્ષાબંધન)સુધી બેસ્ટ ક્વોલિટીની કાજુ કતલી ઉપર ૨૭% ડિસ્કાઉન્ટ આપવાની ઓફર કરી છે. આ ઓફર ૨૫૦ તથા ૫૦૦ ગ્રામના પેકિંગમાં વ્યક્તિ દીઠ ૧ કિલો સુધી આપવામાં આવી છે.

આ ઉપરાંત છેડા ડ્રાયફ્રુટ્સમાં શુદ્ધ વાતાવરણમાં બનેલી મનમોહક હાઈજેનિક મિઠાઈઓ, પ્રિમીયમ ક્વોલિટીના સિલેક્ટેડ ડ્રાયફ્રુટ્સ, ટ્રેન્ડી ચોકલેટ્સની ભરપૂર વેરાયટી, નમકીન અને હાફ ફ્રાય સ્નેક્સ, બેકરી પ્રોડક્ટ્સની વિશાલ રેન્જ અને પ્રિમીયમ ગીફ્ટ હેમ્પર્સ પણ ઉપલબ્ધ છે. આ સર્વ એક્સ્લુઝીવ વેરાયટીઝ જોવા, અનુભવવા અને ખરીદવા માટે તેમની નવી દુકાનમાં પધારવાછેડા ડ્રાયફ્રુટ્સ દ્વારા મુલુંડની સમસ્ત જનતાને ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે. તેમને ૨૭ વર્ષ સુધી જે સાથ, સહકાર અને પ્રેમ આપવા બદલ છેડા ડ્રાયફ્રુટ્સ મુલુંડની જનતાનો હૃદયપૂર્વક આભાર માને છે.

છેડા ડ્રાયફ્રુટ્સનું નવું એડ્રસ - શોપ નં. ૫-૬, ઓમ ગાયત્રી દર્શન સોસાયટી, ઝવેર રોડ, સારસ્વત વાડીની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૮૦. વોટ્સએપ : ૮૩૬૯૪ ૪૧૬૮૪

|| માનવ સેવા હી પ્રભુ સેવા ||
સદ્ગત્ને પરમકૃપાળુ પરમ શાંતિ દે

**દવાદાન - વસ્ત્રદાન સીકબેડ સાધન દાન**

**માનવતાને મહેંકાવતું માનવજ્યોત**



આપને ત્યાં સ્વજનની વિદાય પછી બચેલી દવાઓ, તેમના વસ્ત્રો અને સીકબેડ સાધનો અમને આપશો. ગુજરાત-મહારાષ્ટ્રના અનેક ગામોમાં માનવજ્યોત સંસ્થાઓમાં પોતાના ખર્ચે અનેક સંસ્થાઓમાં સેવકો દ્વારા ગરીબ જરૂરતમંદોમાં વિનામૂલ્યે તેનું વિતરણ થાય છે.


**સ્વર્ગયાત્રા દ્વારા સેવા સોપાન**

માનવસેવાને મહેંકાવતા માનવજ્યોત છેલ્લાં સાત વર્ષમાં સ્વર્ગયાત્રા વાહનના ઉપયોગથી મળેલા દાનમાંથી આશરે રૂા.૧ કરોડથી વધુ રકમ ટાટા હૉસ્પિટલમાં બહારગામથી કૅન્સર સારવાર માટે આવતા દરદીઓને મેડીકલ સહાયરૂપે આપી માનવતા રૂપી ઝરણું વહેતું રાખ્યું છે.

હાર્ટ-કૅન્સર-કિડનીના મોટા ઑપરેશનમાં સહાયભૂત થઇ દરદી નારાયણની પ્રશસ્ય સેવા કરી છે.

નવું સંપર્ક સ્થાન : માનવ જ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ,
૬૧, યુનિક ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, જવાહર ટૉકિઝની સામે,
ડૉ.આર.પી.રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.
મો. નં. 91375 14459 / 98200 39469

માનવતાની મહેંક ફેલાવવા માનવસેવાની અનુમોદનાર્થે આર્થિક સહકાર આવકાર્ય છે.




Click Here

Chheda Dry Fruits
Mulund

# છેડા ડ્રાયફ્રુટસ
## (મુલુંડ)

**કરશે આ તહેવારોની મોસમમાં આપના આનંદને દ્વિગુણિત...**

આપના ઉત્તમ પ્રતિસાદને પગલે,
આપની સેવામાં પૂર્ણ કર્યા વર્ષ સત્યાવીસ...
ફૂલી ફળી પાંગર્યો નાતો આપણા વિશ્વાસનો,
જાહેર કરીએ તા. ૧૫ ઓગસ્ટ (સ્વાતંત્ર્ય દિવસ) થી
તા. ૧૯ ઓગસ્ટ (રક્ષા બંધન) સુધી ડિસ્કાઉન્ટ*
પૂર્ણ ટકા સત્યાવીસનો...

27
વર્ષની
સફળ સુહાની સફર પ્રસંગે
અમારા માનવંતા ગ્રાહકો માટે




બેસ્ટ ક્વોલિટી કાજુકતરીમાં
27%
ડીસ્કાઉન્ટ

- શુદ્ધ વાતાવરણમાં બનેલ હાઈજેનિક મિઠાઈઓ
- પ્રિમીયમ ક્વોલિટીના સિલેક્ટેડ ડ્રાયફ્રુટ્સ
- ટ્રેન્ડી ચોક્લેટ્સની ભરપૂર વેરાયટી
- નમકીન્સ અને હાફ ફ્રાય સ્નેક્સ
- બેકરી પ્રોડક્ટ્સની વિશાળ રેન્જ
- પ્રિમીયમ ગીફ્ટ હેમ્પર્સ

**અમારા નવા સ્ટોરમાં પધારવા આપને સ્નેહભર્યું આમંત્રણ**
શોપ નં. ૫-૬, ઓમ ગાયત્રી દર્શન સોસાયટી, ઝવેર રોડ,
સારસ્વત વાડીની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.
Whats App Contact : 83694 41684

* ૨૫૦ તથા ૫૦૦ ગ્રામની પેકીંગ પર ૨૭% ડીસ્કાઉન્ટ (વ્યક્તિ દીઠ ૧ કિલો)
* આ ઓફરનો લાભ લેવા ઉપર આપેલા નંબર પર રજીસ્ટ્રેશન કરાવશો.
* સ્ટોક હશે ત્યાં સુધી જ મર્યાદિત

Click Here



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૧૪ ઓગસ્ટ - ૨૦ ઓગસ્ટ ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** હાલના સમયમાં કેટલાક ગૂઢ રહસ્યો બહાર આવવાની શક્યતા છે. તમારી અતિરિક શક્તિનો ઊપયોગ કરો અને પોઝિટિવ પ્રતિસાદ આપી શકો એ માટે કાળજી રાખો. કોઈપણ દસ્તાવેજ પર આંખ બંધ કરીને સહી કરવાને બદલે એનો બરાબર અભ્યાસ કરી લેવાની સલાહ છે. જો તમે નવા ક્ષેત્રમાં પ્રવેશ કરી રહ્યા હો તો ત્યાં તમને વિચિત્ર પડકારોનો સામનો કરવો પડશે એ માટે તૈયાર રહેજો. અગાઊ જે ઓફર રિજેક્ટ કરી હશે એ ફરી આવશે. તમારી શરતોને વળગી રહેવું કે નહી એનો આધાર તમારા પર છે, સમજ્યાને? વાહન અકસ્માતના યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** મનની બધી શંકાઓ ફગાવી દો અને આગળ વધો.

**વૃષભ (બ,વ,ઉ) :** હાલનો સમય પ્રણય અને મિલનનો છે. કર્મની વર્તમાન ગતિમાં સાનુકૂળ પાત્રને તમારા પ્રત્યે આકર્ષી શકશો એમ દેખાય છે. જોકે આગળ વધવામાં ઊતાવળ ન કરવાની સલાહ છે. ફેમિલીના શુભ પ્રસંગોમાં ઊત્સાહથી ભાગ લઈ શકશો. તમારી અંદર પરિવર્તન આવી રહ્યાનું અનુભવી રહ્યા છો અને એના કારણે જીવનને એક નવા પરિપ્રેક્ષ્યમાં નિહાળી શકશો એ નક્કી છે. અમૂક મિત્રો ખડકની માફક તમારી પડખે ઊભા રહેશે. ખરાબ સમય લગભગ પૂરો થઈ ગયાનું જણાય છે એટલે રાહતનો શ્વાસ લઈ શકો છો. નવી ખરીદી શક્ય બને અને ખર્ચાઓ વધશે. **સ્ત્રીવર્ગ માટે :** મુશ્કેલી ઊભી કરતા લોકોથી દૂર રહો.

**મિથુન (ક,છ,ઘ) :** જુસ્સો ઘટી ગયો હોય એવું લાગશે. વાસ્તવમાં તમને લક્ષ્યસિધ્ધિ માટે ઉત્સાહ, આક્રમકતા અને જુસ્સાની જરૂર છે. લડાયક જુસ્સો જાળવો અને પડકારોનો સામનો કરો એવી મારી સલાહ છે. મિત્રો સાથે રજા ગાળવાનું શક્ય બને, પરંતુ લાંબી રજા પર ન ઊતરશો. હૃદયને સ્પર્શતી એક પરિસ્થિતિ ઊભી થશે. સમજદારીપૂર્વક આગળ વધવામાં ખચકાટ થાય ત્યારે સાવધ બની જજો. મહત્વના નિર્ણયો લેવામાં તકલીફ થતી હોય તો પુરાણા દોસ્તની સલાહ લો તો સારું. હાડકા સંબંધી તકલીફ થઈ શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** સંબંધીઓ અગાઊથી જાણ કર્યા વિના આવી ચડે તો અતિથી દેવો ભવઃની ભાવનાથી તેમનું સ્વાગત કરજો.

**કર્ક (ડ,હ) :** રોજબરોજના કામકાજ અને જવાબદારીઓનું દબાણ તથા તાણ તમને થકવી નાખતા હશે. મન શાંત રહે એ માટે હાલમાં જ રિલીઝ થયેલી ફિલ્મો જુઓ કે ધ્યાનની સાધના કરો એવી મારી સલાહ છે. બધો વખત કામમાં ડૂબેલા રહેવાને બદલે થોડી મોજ પણ માણતા શીખો. એકાદ સંબંધ તમારી ધારણા મુજબ આગળ નહી વધે. જોકે નકારાત્મક પ્રત્યાઘાતો ટાળવા લાગણીઓ પર સંયમ રાખજો. ક્યારેક મળવાનું થતું હશે એવા મિત્રો સાથે સમય પસાર કરવાનો હાલ યોગ છે. જેનો કોઈ સરળ ઉત્તર ન મળતો હોય એવા ફિલસૂફીના પ્રશ્નોની તેમની સાથે ચર્ચા કરી શકશો. **સ્ત્રીવર્ગ માટે :** સ્ટેમિના ઘટી ગયાનું લાગે તો તબીબી તપાસ કરાવી લો.

**સિંહ (મ,ટ)** : ભૂતકાળના સાચા-ખોટા નિર્ણયોમાંથી જે કંઈ શીખ્યા છો એના આધારે પરિપકવ બની ગયા છો. આધ્યાત્મિક પ્રગતિને કારણે શું કરવું અને શું બોલવું એ સહેલાઈથી નક્કી કરી શકશો એમ જણાય છે. તમારું હિત જેમના હૈયે હશે એવા લોકોની સલાહ સાંભળશો તો બિઝનેસનો એકાદ નવો વિચાર કારગત બનશે. જેમના માટે તમે આદર અને પ્રેમ ધરાવતા હશો એવા કોઈ સંબંધી અચાનક તમને મળવા આવશે. પ્રેમની ગાંઠ વધુ મજબૂત બનાવવા આ સમય શ્રેષ્ઠ છે. એકાદ ભોજન સમારંભને કારણે પેટ બગડશે. પૌષ્ટિક ખોરાક અને પૂરતી ઊંઘ લેવાની સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** બધુ એની જગ્યાએ વ્યવસ્થિત ગોઠવાયેલું હોય એવું વળગણ ન રાખો

**કન્યા (પ,ઠ,ણ)** : બિઝનેસ કરવાનો વિચાર સહેજ અપરિપકવ અને કસમયનો છે. જોકે આવતા સમયમાં એ અમલી બની શકે છે. અતિ કડવી વાણી રાખશો તો તમને જ નુકશાન થશે. તાણ ઘટાડવા પ્રયાસ કરો અને હાલ ઓફિસમાં શું વ્યવસ્થિત કરી શકાય છે એના પર લક્ષ કેન્દ્રિત કરો એવી મારી સલાહ છે. પરિવારના મેમ્બરો અને મિત્રો તમને ઈમોશનલી બ્લેકમેલ કરશે. તેઓ પોતાનો હેતુ સાધી લેવા આવી ચાલાકીઓ અજમાવતા રહેશે. તેમની વાતમાં આવી ન જશો અને તેમની ટીકા કરવાની બાબતમાં પણ સાવધ રહેજો. થોડા દિવસ શાંત રહો, પ્રેક્ટિકલ બનો અને કેવળ પોતાના કામકાજ પર લક્ષ કેન્દ્રિત કરો. **સ્ત્રીવર્ગ માટે :** સંતાનો માટે ચિંતા રહેશે.

**તુલા (ર,ત)** : હાલ તમે થોડા દિવસ વધુ પડતા સંવેદનશીલ બની જશો. અપેક્ષાઓમાં વધારો થશે અને તમે બાંધછોડ કરી નહીં શકો એમ દેખાય છે. ગરમ મિજાજ અને સ્પષ્ટ વક્તાપણાથી તમે કોઈની પ્રશંસા મેળવી નહી શકો. હાલ શાંત રહેવામાંજ સમજદારી છે. પરિવારની કોઈક વ્યક્તિ સાથે સમાધાન કરતા અચકાશો નહીં. પ્રિયજન સાથે વિસંવાદિતા નિરાશામાં વધારો કરશે. જો સંબંધોનો અંત લાવી દેશો તો ભવિષ્યમાં પસ્તાવું પડશે. હળવે હલેસે કામ લઈ અથડામણમાં ઊતરવાનું ટાળો. તમે હાથથી ગુમાવેલો સમજતા હતા એવો કોઈ સુયોગ સાંપડશે, એનો લાભ લઈ લેવાની સલાહ છે. **સ્ત્રીવર્ગ માટે :** આગામી દિવસોમાં સામાજિક અને રોમેન્ટિક સંબંધોની ઈચ્છામાં વધારો થશે.

**વૃશ્ચિક (ન,ય)** : આગામી દિવસો કામકાજના જ વિચારો મન પર કબજો જમાવશે. ખુલ્લા મને જીવનના અન્ય વિકલ્પો પર નજર રાખવાની તૈયારી હશે તો નવા ચીલે આગળ વધી શકશો અને નવી જ દિશા ખૂલી જશે એમ દેખાય છે. બિઝનેસનો એક નવો વિચાર સંપૂર્ણપણે અમલમાં મૂકી શકાય એવો છે. તમારા જીવનમાં હાલ નવો વળાંક આવવાની તૈયારીમાં છે એટલે આગામી પગલા વિશે સમજદારીપૂર્વક વિચાર કરો અને આગળ વધો એવી મારી સલાહ છે. સંબંધો સ્થિર રહેશે અને તમે જેને ચાહતા હશો એ વ્યક્તિ લાંબા સમય પછી તમારા માટે સમય ફાળવશે. કાયમ રિલેક્સ રહેતા શીખો અને જીંદગીને માણો, સમજ્યાને? **સ્ત્રીવર્ગ માટે :** સ્પષ્ટતાપૂર્વક વાસ્તવિકતાનો સામનો કરો.


**ધન (ભ,ધ,ફ,ઢ)** : વિચારોનું ફલક વિસ્તરશે. કોઈક એવી વ્યક્તિના સંપર્કમાં આવશો જે ભવિષ્યમાં અદ્ભૂત પાર્ટનર બની શકશે. ચર્ચાવિચારણાનો પૂરો અવકાશ રાખી પ્રેમપૂર્વક વર્તવાથી હૂંફાળા સંબંધો બંધાશે એમ દેખાય છે. ફાઈનેન્સ કે બિઝનેસ લોન માટે અરજી કરવા આ સમય સારો છે. વિદેશમાં કે અન્ય શહેરમાં નોકરી સ્વીકારવી કે નહીં એ વિશે ટૂંક સમયમાં જ નિર્ણય લેવો પડશે. મિત્રોને હળવામળવા, એકાદ મોલની મુલાકાત લેવા કે ફિલ્મ જોવા ઊપડી જાઓ એવી શક્યતા છે. કોઈને પણ ઊધારે પૈસા આપવાનું ટાળો. દાઝવાનાં યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** આર્થિક અસલામતીનો અંત આવશે. ઈચ્છા અને જરૂરિયાત વચ્ચે સમતુલા જાળવવાનો પ્રયાસ કરો.


**મકર (ખ,જ)** : તમે ભૂતકાળની કોઈક બાબતમાં અટવાયેલા છો અને એના લીધે હાથમાં આવેલી તક ગુમાવી બેસો એવી શકયતા છે. ખર્ચમાં ભારે કાપ મૂકવાનો સમય છે. અનાવશ્યક ખરીદી ટાળવાની સલાહ છે. કોઈ મિત્ર તમને પાર્ટનરશિપની ઓફર કરે તો એ સ્વીકારતા નહી. હઠાગ્રહ છોડીને પ્રિયજનને આપેલા વચનોનું પાલન કરો અને ખાતરીઓ પૂરી કરો, આમ કરવાથી તમારી વચ્ચેના સંબંધો વધુ ગાઢ બનશે. દેશ કે વિદેશમાં વધુ અભ્યાસના સ્વપ્નને પૂર્ણ કરવા આગળ વધી શકો છો. એકાદ જૂના મિત્ર સાથે મુલાકાત શક્ય છે. **સ્ત્રીવર્ગ માટે :** આડેધડ કામ કરશો તો પકડ ગુમાવી બેસશો. તમારા બદલે હાલ કોઈને નિર્ણય લેવા ન દો.

**કુંભ (ગ,સ,શ,ષ)** : ઉષ્માપૂર્ણ વર્તાવને કારણે નિકટની વ્યક્તિ સાથે સંબંધો સુધરી રહ્યા છે. પ્રિયજન અને મિત્રો સાથે સારો સમય વિતાવી શકશો અને ભૂતકાળની કોઈ યાદ મનમાં તાજી થશે એમ જણાય છે. નવા પ્રોજેક્ટો હાલ તમને લલચાવી રહ્યા છે. તમારી વર્તમાન કામગીરીને નવો વળાંક આપવો જરૂરી છે. તમામ ક્ષેત્રોમાં તમે પરિવર્તનની અપેક્ષા રાખી શકો છો. એ પરિવર્તનો આગામી દિવસોમાં તમારી લાઈફસ્ટાઈલ બદલી નાખશે એ નક્કી છે. કોઈપણ એગ્રીમેન્ટની કોપી પર સહી કરતા અગાઉ બરાબર તપાસી લેવાની સલાહ છે, અન્યથા તકલીફ થઈ શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** કોઈપણ પગલુ ભરતા અગાઊ સામેની વ્યક્તિની વિશ્વસનિયતા વિશે પૂરતી તપાસ કરી લો.

**મીન (દ,ચ,ઝ,થ)** : તમારી લાગણીશીલતાને કારણે લાંબા સમયથી દફનાવી ચૂકેલા વિવાદો ફરી સપાટી પર આવી શકે છે. કોઈની પણ મીઠી વાતોમાં આવીને ભોળવાઈ ન જાઓ. લાગણીઓના વમળમાં અટવાશો તો સંબંધમાં ખળભળાટ ઊભો થશે અને જુદાઈની નોબત આવશે. દીર્ઘદ્રષ્ટિ વાપરો અને પ્રેક્ટિકલ બની નિર્ણય લો એવી મારી સલાહ છે. બહાર નીકળીને ઊત્સાહિત લોકોને મળવાનો આ યોગ્ય સમય છે. આવા લોકો તમને કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદરૂપ બનશે. પોઝિટિવ કલ્પનાઓ, ધ્યાન કે યોગની સહાયથી નિષ્ફળતાઓનો કાલ્પનિક ડર દૂર કરી શકશો.**સ્ત્રીવર્ગ માટે :** હાલ ગુસ્સો વ્યક્ત કરવા સમય યોગ્ય નથી. તમારામાં રસ જગાવે એ વિચારમાં નિસંકોચ આગળ વધો.

# Bed Sore (Pressure Ulcer) બેડ સોર-જખમ



Prevention is better than cure થવાથી ટાળીએ. ૨ થી ૬ કલાક અને વધારે સમય સુધી દર્દી હલન ચલન કર્યા વગર વ્હિલચેર, જમીન (પથારી-બેડ), સર્જરી બાદ, પ્લાસ્ટરમાં પડ્યા રહેવાથી બેડ સોર, પ્રેશર અલ્સર થઈ શકે છે. શરીરની ચામડી કડક સરફેસ ઉપર દબાઈ જવાથી તે ભાગ ને મળતું રક્ત ઓછું અથવા કપાઈ જાય છે.

બેડ સોર (પ્રેશર અલ્સર) થવાના સંજોગો અને પરિબળો • ૬૫ વયની ઉપર • વજન વધારે ઓછું અથવા વધારે હોય • ખાવા-ખોરાકનું પોષણ અયોગ્ય હોય • બેભાન અવસ્થા સંડાસ પેશાબ નીકળી જવું • સૂકી ચામડી • સ્ટીરોઈડ દવા, દારૂનું સેવન • ડાયાબિટીસ • રક્ત ઓછું (એનીમીયા) • રક્તનળી બીમારી • ડિમેન્સીયા • વધેલું-ફેલાયેલું કેન્સર • ચેપ • લકવા • ચેર, પથારીમાંથી સ્ટ્રેચરમાં લઈ જતી વખતે ઉતાવળથી બેદરકારીથી દર્દીની ચામડી તેના જ શરીરના બીજા ભાગના ચામડીને દબાવી, રગળાઈ, ખેંચાઈ જવી.

શરીરના ભાગમાં જયાં ચામડી પાતળી હોય, નીચે સ્નાયું, ચરબીના થર ન હોય તેવા ભાગમાં બેડ સોર (અલ્સર) થાય છે. સામાન્યપણે કમ્મરની નીચે, થાપા, ખભાની પાછળ, પગની એડી, કોણી, માથાના પાછળના ભાગે થતા હોય છે.

સર્વ પ્રથમ (૧) લાલાશ, મરુન, બ્લુ કલર દેખાય છે. પછી ૨) ઉઝરડા, ફુલ્લા, જખમ, અલ્સર થાય છે. ૩) અલ્સર ઊંડા થઈ સ્નાયું, હાડકા અને તેની આજુબાજુનાને નુકસાન પહોંચાડે છે.

બેડ સોર (અલ્સર)ને ન થવા દેવું, ટાળવું બહુ જ મહત્વનું છે. કારણ થયા બાદ સારું કરવું વધારે તકલીફવાળું કામ છે. વધારે સમય લાગે છે.

ઈલાજમાં : • વારંવાર દર ૧ કલાકે (પથારીમાં) ૧૫ મિનિટે વ્હિલચેરમાં હલન ચલન બદલાવું. પડખા, સાઈડ બદલવું, દબાયેલી જગામાં પેડ-કોટન, પાણી/હવાનું ભરેલું ગાદલુ (બેડ) વાપરવું • દબાયેલી જગા સાફ, સૂકી રાખવી • બહુ જ હલકા, હળવા હાથથી નરમ તેલ, મોઈસ્ચાઈઝર બહુ જ થોડી માત્રામાં લગાડવું • પ્રોટિનયુક્ત ખોરાક લેવું • ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ ચેપ માટે એન્ટીબાયોટીક દવા-મલમ • સર્જરી, નવી ચામડી રોપણીની જરૂરત પણ પડી શકે છે.

- ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEH (Mum.)
Ph.: 8779985316

Click Here

# શિવસેનાના સંજય માળીના પ્રયાસોથી શાખા ક્રમાંક ૧૦૪માં મફત સાકર વિતરણ સંપન્ન



શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે પક્ષ તરફથી મુલુન્ડ (વે)માં એમ.જી. રોડ શાખા ક્રમાંક ૧૦૪ તરફથી ભગવા સપ્તાહ નિમિત્તે શાખા પ્રમુખ રાજેશ સાળી તરફથી તેમજ વિધાનસભા સંગઠક સંજય માળીના પ્રયાસોથી તેમના વિભાગના નાગરિકોમાં મફત સાકર વિતરણનો કાર્યક્રમ ગુરુવાર, તા.૮ ઓગસ્ટના યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય વિભાગ પ્રમુખ રમેશ કોરગાંવકર, ઉપનેતા દત્તાજી દળવી, મહિલા વિભાગ સંગટીકા રાજરાજેશ્વરી રેડકર, યુવાસેના કારોબારી સદસ્ય પાટીલ, ઉપવિભાગ પ્રમુખ સીતારામ ખાંડેકર અને દિનેશ જાધવ, સંજય માળી, હેમલત્તા સુકાળે, નંદિની સાવંત, ગીતા સાળવી, ચંદુ ઘડશી વગેરે હાજર રહ્યા હતા.


મેડીક્લેઈમ પોલીસી
ફેમીલી ફ્લોટર મેડીક્લેઈમ પોલીસી ૫ લાખથી ૧ કરોડ ઉંમર ૦ થી ૭૫ વર્ષ મેડીકલ રીપોર્ટ વગર, કેશલેશ કાર્ડ સાથે પોર્ટેબીલીટી મળશે.
વધુ વિગત માટે સંપર્ક
દીલીપભાઈ-91366 21227

PART TIME JOB
IN MULUND
A REPUTED MNC REQUIRE
Retired / VRS / House Wives / Senior Citizen to Start Second Innings
Age 30 to 70 Years
Earn Rs.30,000 to 1,00,000+
PF + Medical + Foreign Tour
Call: 98199 11819

જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ
રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કંઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીજનેબલ રેટની ગેરેન્ટી.
હેતલ શાહ
98210 59549


Sale
BUY 3 GET 1 FREE
BUY 5 GET 3 FREE
BUY 15 GET 15 FREE
*T&C apply.
The lowest priced item will be FREE
Offer valid from 1st to 19th Aug '24
Jeans Junction
JJ FOR MEN & WOMEN : Hotel Tip Top Plaza, L.B.S. Marg, Thane (W). Tel: 6793 9999
JJ FOR MEN : Barve Wadi, Gokhale Road, Naupada, Thane (W). Tel: 6790 9999
JJ FOR WOMEN : Dutta Niwas, Gokhale Road, Naupada, Thane (W). Tel: 6795 9999
11, Uttung CHS, Sambhaji Path, Near School No 19, Vishnu Nagar, Thane (W). Tel: 9076021999

પરદેશમાં રહેતા આપણા સગા-સબંધી સ્નેહી મિત્રોને સામાન સામગ્રી મોકલો.
iPLANET INTERNATIONAL COURIER PVT. LTD.
પરદેશ પાર્સલ સર્વિસ
DUTY FREE SERVICE
FREE PICKUP & PACKING
Available On Sunday
More Than 100+ Countries
Specialist In Medicine Delivery
31+ KG WITH G.S.T RATES
USA ₹ 599 PER KG
U.K ₹ 399 PER KG
Canada ₹ 649 PER KG
AUSTRALIA (SYDNEY-MELOBOURNE) ₹ 449 PER KG
NEW ZEALAND (AUCKLAND ONLY) ₹ 599 PER KG
UAE ₹ 199 PER KG (NON DUTY SERVICE)
NO HIDDEN CHARGES
+91 97 1234 8348
15, VIC-MON BUILDING, Nr. St. John The Evangelist High School, Bori Colony, Andheri East, Mumbai, 400059.




Click Here

# મારા ડાયરીના થોડા પાનાં : અહિંસક ચળવળ અને મહાત્મા ગાંધી




ગાંધીજીના વ્યક્તિમાં એક પ્રકારનું ચુંબકીય આકર્ષણ હતું. ડૉ.રાજેન્દ્ર પ્રસાદ, જયપ્રકાશ નારાયણ, આચાર્ય ક્રિપલાણી, ડૉ.રામમનોહર લોહિયા, જવાહરલાલ નહેરૂ, ખાન અબ્દુલ ગફારખાન, ડૉ.ઝાકીર હુસન આ બધી વ્યક્તિઓ કોઈ કોઈ વિચાર શ્રેણીમાં આકર્ષયા હતાં. જ્યારે આ બધા વ્યક્તિઓ કોઈને કોઈ કારણ ગાંધીજીથી સંપર્કમાં હતા. ત્યારે આ બધી વ્યક્તિઓ દેશની અહિંસક ચળવળમાં જોડાઈ ગયાં હતાં.

ગાંધીજીનું રાજકારણી જીવન અને એનો પ્રભાવ પણ અટપટા પ્રશ્નો ખડા કરે છે. ડાબેરીઓ ગાંધીની કેટલીક માન્યતાઓને અને કરણીના ભારે આલોચક હતાં છતાં તેઓનો ગાંધી સાથે નજીકનો નાતો રહ્યો અને એમાંના કેટલાક તો ગાંધીજીની બૌધ્ધિક પ્રતિમાની ભૂરકી હેઠળ પણ આવ્યાં. જવાહરલાલ નહેરૂ ગાંધીજીની કેટલીક માન્યતાઓના ભારે આલોચક હતાં. એમની નૈતૃત્વ-શૈલીના કેટલાક પાસના પણ વળી ડાબોરીઓ એક મોટા વર્ગ નહેરૂના ટોકદાર અનુયાયી થવા તૈયાર જ હતો. જવાહર કદી ગાંધીને છોડી ગયાં નહીં. એટલું જ નહીં.

ગાંધીજીની અસર નીચે એમણે પોતાના કેટલાક સમાજવાદી, અરમાનોને પણ મધ્યમમાર્ગી બનાવી દીધા અને પોતાના જીવનમાં આખરી ગાળાના ગાંધી ઢબના નજરે ચઢે તેવા આધ્યાત્મિક નજીરિયો એમણે પોતામાં વિકસાવ્યો.

લૂઈ ફિશર સાથેના ૧૯૪૩ના એક વાર્તાલાપમાં નહેરૂએ એમ કહ્યું છે કે જેમ જેમ પોતાની ઉમર વધતી ગઈ તેમ તેમ પોતે ક્રાઈસ્ટ અને બુધ્ધ ખાસ તો બુધ્ધ માટેનું આકર્ષણ અનુભવતા ગયા અને ગાંધીની વધારે નજીક આવતા ગયાં.

જયપ્રકાશ નારાયણ ગાંધીના એથી પણ વધારે કડક આલોચક હતાં અને ગાંધીથી એ કેટલાક સમય છૂટક પડ્યાં હતાં. છતાં એ ગાંધી તરફ વારંવાર વળતા રહ્યાં. એટલું જ નહી ગાંધીના અવસાન પછીના એક દશકમાં તો જયપ્રકાશ એક ઉત્કટ ગાંધીવાદી બની ચૂકયા. ખુદ એમ.એન.રોય જે ગાંધીવાદના સહુથી વધારે આ આકરા ટીકાકાર હતાં. અને જે એમને પોતાની સહુથી વધારે ખતરનાક વિરોધી માનતા હતાં. એમને ન કેવળ ગાંધીને પોતાની ભાવભીની અંજલી આપી.

વાઈકોમ સત્યાગ્રહ સમયે ગાંધીએ કરેલા પ્રવચન એ વાતનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડે છે કે રૂઢિચુસ્ત બ્રાહ્મણો અને અધીરા થયેલા અસ્પૃશ્યો બંનેની લાગણીઓનું એ કેવી રીતે સમાધાન કરી શકતા એ એક વિચારમાં નાખી દે એવી વાત છે કે જો સ્વાતંત્ર્ય પહેલાના પૂર્વના હિંદમાં ગાંધી ભારે પ્રભાવી રહ્યાં. તો સ્વાતંત્ર્ય પ્રાપ્તિથી પછીના થોડાજ સમયમાં એ એક એકાંકી અને હાંસિયામાં મુકાયેલ વ્યક્તિ બની ગયાં. એમને દેશીવાસીઓ જે એમના એક વાર ખૂબ સ્નેહાદર આપતા એ ઓ હવે એમનાથી થાકવા લાગ્યા.



ભલે મરતો એ ગાંધી (Let Gandhi Die) એ ગાંધીના છેલ્લા ઉપવાસ દરમિયાન દિલ્હીમાં એક લોક પ્રચલિત નારો હતો અને ન્યાયમૂર્તિ ખોસલને એમાં કોઈ સંશય ન હતો કે જો ‘ગોડસે’ ખટલો જરૂરી દ્વારા ચલાવવામાં આવ્યો હોત તો છૂટી જાય. ૧૯૪૭ પછી તરત જ ભારતના વિકાસના એક એવે રસ્તે ચઢ્યું. જે અંગે ગાંધીની કોઈ સહાનભૂતિ હતી નહી અને એમના જતા સાથીઓની એવી જીવનશૈલી અપનાવી લીધી. જે ગાંધીએ દીર્ઘ સમય સુધી પ્રબોધેલી અને પ્રયોગમાં મૂકતી જીવનશૈલીની પૂરેપૂરી વિરોધ હતી.

જેણે લગભગ ત્રણ દાયકા જેટલા સમય માટે ગાંધીની સાદગીભરી સંયમશીલ જિંદગીનો ભારે સ્નેહ સમાદર કર્યા હતો. ગાંધીના વિદ્યાલયો અને આશ્રમો પણ આધા હડેસલાઈ દેવાયા અને ગરીબો માટેની એમની ઉત્કટ ખેવના ગ્રામવિકાસ માટેની અપીલ અને સમાજસેવાના કામોની એમણી ભારે જહેમતથી પોષેલી પરંપરા આ બધું કાં તો ત્યજી દેવામાં આવ્યું કે પછી પાણી-પાતળી કરી મૂકાયું. ગાંધીવાદી વાણી વળોટા સુધ્ધઆ એક એવી બોલી બની ગયો. જેને એક નાનકડી લઘુમતી હોય ન એથીયે વધારે નાની લઘુમતી સમજતી હોય.

ગાંધી સમજીએ આ કથા પ્રોફેસર લોર્ડ ભીખાભાઈ પારેખ લખેલ છે. મહાત્મા ગાંધી ૧૫૦ જયંતી ગાંધી વિષય મારા મિત્ર રમેશ ઓઝા લખેલ કે આજે દુનિયાભરના ૧૫૦ વિદ્યાલયો. ગાંધી અને અહિંસક ચળવળ વિશે ભણવામાં આવે છે. ગાંધી અહિંસક ચળવળ ધ્યાન રાખીને દક્ષિણ આફ્રિકા નેલ્સન મંડેલા, ચેકોલ્વાસિયા હુબચેક અહિંસક ચળવળ મારફતે એમના લક્ષ પ્રાપ્ત કર્યા હતા.

આજના દેશના વાતાવરણ દેખાયે તે હિસાંબે આપણે ગાંધીને નાત બહાર કાઢી નાખવામાં આવેલ છે. ભવિષ્યમાં આપણે જરૂર તેમની વિચારશ્રેણી જરૂર પડે છે. આમાં સમયનો તકાજો છે.

# ટી વિભાગ દ્વારા આખરે એલબીએસ પર જીવલેણ ખાડાનું સમારકામ કરાયું

કેટલાક મહિનાઓ પહેલા મુલુંડના અતિ વ્યસ્ત માર્ગ એલબીએસ રોડ પર દીપ મંડપ બંગલા પાસે ૨ ફૂટ ઊંડો અને ૮ ફૂટ લાંબો મોટો ખાડો ખોદવામાં આવ્યો હતો. જે બાદ નગરપાલિકા પ્રશાસન દ્વારા આ ખાડાને તાત્કાલિક પુરાવવા જરૂરી હતું પરંતુ તેમ કરવાને બદલે આ ખાડો યથાવત સ્થિતિમાં રાખી દેવાયો હતો. પરિણામે આ સ્થળે જો કોઈ મોટી દુર્ઘટના કે અકસ્માત સર્જાય તો શું તેની સંપૂર્ણ જવાબદારી નગરપાલિકા વહીવટીતંત્ર સ્વીકારશે? એવો રોષે ભરાયેલ અહીંના નાગરિકો પૂછી રહ્યા હતા.

ખાસ વાત એ છે કે આ સ્થળે અનેક નાના-મોટા અકસ્માતો સર્જાયા છે. સામાજિક કાર્યકર શુલભ જૈને આ મોટા ખાડાઓની ગંભીર નોંધ લીધી અને તરત જ આ બાબત ટી વિભાગના આસિસ્ટન્ટ કમિશનર અજય પાટણેના ધ્યાન પર લાવી હતી.

જો અહીં કોઈ મોટો અકસ્માત થશે તો પાલિકાનો સંબંધિત વિભાગ જવાબદાર રહેશે તેવી ઉગ્ર પ્રતિક્રિયા આ સ્થળના નાગરિકો આપી રહ્યા હતા. હાલમાં મુલુંડ રસ્તાઓની હાલત ખરાબ થઈ ગઈ છે અને મુલુંડના કરવેરા અને ખાડાઓ ન હોવાના વિકાસની માંગ પ્રબળ બની રહી છે.

આખરે ટી ડિવિઝન પ્રશાસને સામાજીક કાર્યકર શુલભ જૈનની ફરિયાદની ગંભીર નોંધ લઈ એલબીએસ રોડ પરના આ જીવલેણ ખાડાનું સમારકામ કરી પુર્વવત કરાવ્યું હતું. નાગરિકોએ ટી વિભાગના આસિસ્ટન્ટ કમિશનર અજય પાટણેનો આભાર માન્યો હતો.



પહેલા



પછી

## માનવતાના પ્રચંડ ભેખધારી નીતિન દાવડા



માનવ સેવા એ જ પ્રભુ સેવાને વરેલા તેમ જ દિનરાત એ સેવામાં ખૂંપી રહી, રસ્તે રઝળતાં, રખડતાં, ભટકતાં પાગલો, નિરાધારો અને અશક્તોને સામેથી સ્વીકારી, તેમનું સંપૂર્ણ પુનર્વસન કરતા નીતિન દાવડાને શત શત વંદન.

છેલ્લાં ૫ વર્ષથી એવા અભાગીને સ્વીકારી નવડાવી, ધોવડાવી, ખવડાવી પીવડાવી તેમને નવજીવન બક્ષતા નવીન દાવડા આજ સુધી ૫૫૫થી વધુ લોકોને નવું જીવન પ્રદાન કરી રાહત આપી છે. મુંબઈ વડો મહાજનના ચંદ્રકાંતભાઈ ગોગરી, શાંતિભાઈ મારૂ અને સર્વે ટ્રસ્ટી ગણો વિગેરેએ છેલ્લાં ૧૦ માસથી એક અત્યંત આધુનિક એમ્બ્યુલન્સ વાહન ઉપલબ્ધ કરી આપતાં, એ માનસિક દિવ્યાંગોનું સ્થળાંતર સલામત, સરળ અને સુગમ રીતે શક્ય બન્યું છે. આ સેવાનો સંપૂર્ણ ખર્ચ કચ્છી જૈન ફાઉન્ડેશન, મુંબઈ વડો મહાજન સંભાળે છે. આવા માનવતાના ભેખધારીઓને સો સલામ, જેમણે માનવતાને દીપાવી છે.

તાજેતરમાં ‘સાવલા’ બહેનોને આશ્રય અપાવી નેક અને નક્કર માનવ સેવાના કામમાં ચાર ચાંદ લગાડ્યા છે. તે બદલ માનવતાના ભેખધારીને અને તેમને સહયોગ આપતાં શ્રેષ્ઠીજનોને અભિનંદન.

**– સી.એ.કુલીનકાંત ચાંપશી લુઠીયા**

Click Here

## ધારાસભ્ય મિહિર કોટેચા દ્વારા આજે મહાપુરૂષ સ્મારક તથા પરિસર સ્વચ્છતા અને પૂજનનો વિશિષ્ટ કાર્યક્રમ કરાશે

આજે તા.૧૪ ઓગસ્ટ બુધવારના સવારે ૧૦ કલાકે વીર સાવરકર સ્મારક સાવરકર હોસ્પિટલ, મુલુંડ ઈસ્ટમાં ભાજપ મહારાષ્ટ્ર પ્રદેશ કોષાધ્યક્ષ અને સ્થાનિક ધારાસભ્ય મિહિર કોટેચા દ્વારા મહાપુરૂષ સ્મારક અને પરિસર સ્વચ્છતા અને પૂજન અભિયાન અંતર્ગત સફાઈ સ્વચ્છતા સાથે પૂજન કરી આદરણીય મહાપુરૂષ પ્રત્યે માનવંદના કરવામાં આવશે.

આ શ્રૃંખલા આગળ વધારતા સવારે ૧૧ વાગે ગાંધી સ્મારક, વિજય નગર ગાર્ડન, વિજય સોસાયટી, સેવારામ લાલવાણી રોડ, મુલુંડ વેસ્ટમાં આજ પ્રકારે સફાઈ, સ્વચ્છતા અને પૂજન કરી રાષ્ટ્રપિતાને આદરાંજલિ આપશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જોડાવવાનું આહવાન કરાયું છે.



## ‘હર ઘર તિરંગા’ અભિયાન અંતર્ગત વિધાનસભ્ય મિહિર કોટેચાના કાર્યાલય પરથી તિરંગો ધ્વજ મળશે



ગુરૂવાર, તા.૧૫ ઓગસ્ટના ૭૮મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ મહારાષ્ટ્ર સરકાર દ્વારા ‘હર ઘર તિરંગા’નો નારો અપાયો છે તેને અનુલક્ષીને મુલુંડના વિધાનસભ્ય મિહિર કોટેચાના દેવીદયાલ રોડ સ્થિત કાર્યાલય પરથી નિ:શુલ્ક તિરંગા ધ્વજનું વિતરણ કરવામાં આવશે. વ્યક્તિગત રીતે કે સોસાયટીઝ તિરંગો મેળવી શકે છે. આ ઉપરાંત ભાંડુપ, વિક્રોલી સ્થિત ભાજપા કાર્યાલય પરથી તિરંગો મળી શકશે. સાથેની તસવીરમાં સિનીયર સિટીઝન ગ્રુપ ધારાસભ્યના હસ્તે તિરંગો સ્વીકારી રહ્યાં છે.

## NCLT એ નિર્મલ લાઈફ સ્ટાઈલને ખરીદવાના ઓબેરોય રિયલ્ટીના પ્રસ્તાવને માન્ય રાખ્યો

નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) એ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ ફર્મ નિર્મલ લાઇફસ્ટાઇલ રિયલ્ટી ખરીદવા માટે ઓબેરોય રિયલ્ટી દ્વારા પ્રસ્તાવિત રિઝોલ્યુશન પ્લાનને મંજૂરી આપી છે. ઓબેરોય કન્સ્ટ્રક્શન દ્વારા પસાર કરાયેલા રીઝોલ્યુશન પ્લાન મુજબ તેઓ નિર્મલ લાઈફ સ્ટાઈલના ફાયનેન્સીયલ, ઓપરેશનલ અને અન્ય લેણદારો પેટે લગભગ ૨૭૩ કરોડ રૂપિયાની ચૂકવાની કરશે. ડીસેમ્બર ૨૦૨૧માં કંપનીને કોર્પોરેટ ઇન્સોલ્વન્સી રીઝોલ્યુશન પ્રક્રિયા હેઠળ દાખલ કરવામાં આવી હતી જેમાં રૂ. ૭૪૮ કરોડનો દાવો કરવામાં આવ્યો હતો.

શુક્રવારે જાહેર કરવામાં આવેલા આદેશ અનુસાર નિર્મલ લાઈફસ્ટાઈલ રીઅલ્ટીના પ્રવર્તમાન ઈક્વીટી શેર્સ કેન્સલ થઇને તેની શેરમૂડી ઝીરો થઇ જશે. ત્યારબાદ ઓબેરોય કન્સ્ટ્રક્શન્સ રૂ. એક લાખ નિર્મલ લાઈફસ્ટાઈલ રીઅલ્ટીમાં નવા શેર્સતરીકે રકમ ઇન્જેક્ટ કરશે. આ રીતે ઓબેરોય રીઅલ્ટી સંપૂર્ણપણે નિર્મલ લાઈફસ્તાઈલની માલિકી મેળવશે.

આ રીઝોલ્યુશન પ્લાનનું અગત્યનું પાસું જરૂરી મંજૂરીઓ મેળવી આપવાનું તેમજ સંજય ગાંધી નેશનલ પાર્કમાંના ઈકો-સેન્સિટીવ ઝોનમાં નિર્મલ લાઈફસ્ટાઈલ રીઅલ્ટીની જમીનની માલિકીના સ્ટેટસ સંબંધી સ્પષ્ટતા કરવાની રહેશે, જેમાં NCLTએ આપેલી મંજૂરીની તારીખથી ૧૮૦ દિવસમાં સંબંધિત ઓથોરીટી પાસેથી નિર્મલ લાઈફસ્ટાઈલએ તમામ મંજૂરીઓ મેળવી આપવી પડશે. જો નિર્મલ લાઈફસ્ટાઈલ આ મંજૂરીઓ મેળવી આપવામાં નિષ્ફળ જશે તો આ રીઝોલ્યુશન પ્લાન આપોઆપ રદ થઇ જશે અને ઓબેરોય કન્સ્ટ્રક્શન તમામ જવાબદારીઓમાંથી મુક્ત થઇ શકશે. આ સંજોગોમાં ઓબેરોય કન્સ્ટ્રક્શનએ આપેલી ડિપોઝીટ અથવા સિક્યુરિટીઝની રકમ તેમને રીફંડ કરવામાં આવશે. NCLTનો આ આદેશ નિર્મલ લાઈફસ્ટાઈલ રીઅલ્ટી સામે ચાલી રહેલી કાયદેસરની કાર્યવાહીને પણ લાગુ પડશે.








Click Here

# જૈન સોશ્યલ ગ્રુપ (મુલુંડ) દ્વારા મેગા મેડિકલ ફ્રી ચેકઅપ કેમ્પ યોજાયો







જૈન સોશ્યલ ગ્રુપ (મુલુંડ) દ્વારા ગ્રુપના સભ્યો માટે મેગા મેડિકલ ફ્રી ચેકઅપ કેમ્પ તા.૧૧ ઓગસ્ટ રવિવારના રોજ સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી તથાસ્તુ હોલ કાલિદાસ કોમ્પલેક્ષ ખાતે યોજવામાં આવેલ હતો. જેમાં રેન્ડમ બ્લડ સુગર, લિપીડ પ્રોફાઈલ, ઈ.સી.જી, ટીસીએચ તથા બ્લડસુગરના ચેકઅપ કરવામાં આવેલ હતા. કેમ્પની શરૂઆત નવકાર મહામંત્રના પઠન સાથે થઈ હતી. જેમાં ગ્રુપના પદાધિકારીઓ તથા કમિટી જોડાયા હતા. ત્યારબાદ ફેડરેશન સૂત્રનું પઠન અરૂણભાઈ સંઘવી એ કરેલ હતું. આ કેમ્પમાં ડૉ.અભય જૈન, ડૉ. યોગેશ સોલંકી તથા ડૉ.માનસી સોલંકીએ સેવા આપેલ હતી. ડાયટ તેમજ સીપીઆર ટ્રેઈનીંગનો કેમ્પે આપવામાં આવેલ હતો તથા તમામ પ્રકારના બ્લડ ટેસ્ટ કરવામાં આવેલ હતા. આ મેગા કેમ્પનો ડૉ. મંડોત તેમજ શેપ-યુ ઓબેસીટી ક્લિનીકનો સુંદર સહયોગ મળેલ હતો. ડૉ.મહેશ મંડોતએ મેડિકલ ટેસ્ટમાં ખુબજ હેલ્પ કરેલ હતી. ગ્રુપના સભ્યોએ સારી સંખ્યામાં કેમ્પનો લાભ લીધેલ હતો. પ્રમુખ જયંતીભાઈ મૈશેરીનું 'સ્વસ્થ જેસજીયન'-'મસ્ત જેસજીયન'નું સૂત્ર ખરેખર સાકાર થયેલ અને કેમ્પ સાનંદ સંપન્ન થયેલ હતો.





# શ્રાવણ માસ નિમિત્તે બાવાજીની ઝૂંપડીમાં બરફની શિવલીંગ



**જયંતિલાલ મંગે દ્વારા**

તા.૧૨ ઓગસ્ટ ૨૦૨૪ સોમવારના રોજ પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન બાવાજીની ઝૂંપડીમાં બરફના શિવલીંગની પ્રતિકૃતિ તથા તેની આસપાસ સરોવર બનાવવામાં આવ્યું હતું. જેમાં પ્રજ્વલ્લીત થયેલાં દિવડાનો શણગાર મનમોહક રહ્યો હતો. આ સુંદર સજાવટના દર્શન કરી ભક્તો ધન્ય થયા હતા.

# મુલુંડ પોલીસ સ્ટેશનમાં સિનિયર સિટીઝન સાથે મિટીંગ યોજાઈ



**જયંતીલાલ મંગે**

એન એસ રોડ મુલુંડ પશ્ચિમ, પોલીસ સ્ટેશનમાં સિનિયર સિટીઝન માટે એક મિટિંગનું આયોજન શનિવાર તારીખ ૧૦ ઓગસ્ટ ૨૦૨૪ ના સવારના ૧૧:00 વાગે કરવામાં આવ્યું હતું. જેમાં વધુને વધુ સિનિયર સિટીઝન હાજરી આપી જાગૃતિ દર્શાવી હતી.

આ મિટિંગમાં સિનિયર સિટીઝનએ પોતાની ફરિયાદ, મુશ્કેલી નિ:સંકોચ રજૂઆત કરી હતી અને તેના નિવારણ માટે પોલીસ અધિકારીઓ યોગ્ય પ્રયાસ






Click Here

# નેત્રહીનો માટે આશાનું કિરણ બની રહ્યું છે 'હેલ્પ બ્લાઈન્ડ વેલ્ફેર ફાઉન્ડેશન'



મુલુંડ (વેસ્ટ) સ્થિત યોગી હિલ્સ ખાતે દર હિન્દુ માસની અમાસના વહેલી સવારે ૬ વાગ્યાથી જ મુંબઈ તેમજ મહારાષ્ટ્ર ભર માંથી લગભગ ૧૨૦૦ થી વધારે નેત્રહીનો એકદમ શિસ્તબદ્ધ રીતે પહોંચી જાય છે. અત્રે 'હેલ્પ બ્લાઈન્ડ વેલ્ફેર ફાઉન્ડેશન' નામની સંસ્થા છેલ્લાં ૧૪ વર્ષથી માત્ર નેત્રહીનો માટે જ કાર્ય કરી રહી છે. અત્રે આવતા નેત્રહીનોને રાશન કીટ, રોજબરોજ કામમાં આવે તેવી એનેક વસ્તુઓ તથા આરોગ્યલક્ષી ચીજો આપવામાં આવે છે.

આ જ પરંપરાને આગળ વધારતા રવિવાર, તા.૪ ઓગસ્ટના અમાસના દિવસે સવારે 'હેલ્પ બ્લાઈન્ડ વેલ્ફેર ફાઉન્ડેશન' એ યોજેલ કાર્યક્રમમાં ૧૮૦૦ જેટલા ફોટો આઈ ડી કાર્ડ સાથે રજીસ્ટર્ડ થયેલા નેત્રહીનોમાંથી ૧૨૦૦ નેત્રહીનો અહીં પધાર્યા હતા. તેમને હંમેશાની જેમ અનાજની કીટ, પેકિંગ નાસ્તો, પાણીની બોટલ, રેઈનકોટ અને દરેકને રૂા. ૫૦ રોકડા આપવામાં આવ્યા હતા આ સાથે સાથે અત્રે પધારેલા દાતાઓ, સ્વયંસેવકો અને સર્વે નેત્રહીનો માટે એકસરખો ગરમાગરમ નાસ્તો ઈડલી, વડાપાઉ, ઉપમા, બુંદી લાડુ, ચા, બિસ્કીટ આપવામાં આવ્યા હતા.



'હેલ્પ બ્લાઈન્ડ વેલ્ફેર ફાઉન્ડેશન' દ્વારા ચલાવવામાં આવતા અનોખા સેવાયજ્ઞમાં સેવા તેમજ દાન આપવા માટે મુલુંડ, થાણે તેમજ મુંબઈની વિવિધ સંસ્થાઓ પોતાનું યોગદાન આપી રહી છે. ઘર-પરિવારમાં આવતા શુભ પ્રસંગો માટે આપ પણ યથાશક્તિ દાન આપીને હજારો નેત્રહીનો માટે આશાનું કિરણ બની શકો છો.

'હેલ્પ બ્લાઈન્ડ વેલ્ફેર ફાઉન્ડેશન' રજીસ્ટર્ડ સંસ્થા છે તેમજ 80G સર્ટિફિકેટ તેમજ CSR ધરાવે છે. વધુ જાણકારી માટે દાન કે ચીજવસ્તુઓ આપવા માટે સંપર્ક - પંકજ છેડા : ૯૩૨૧૦ ૭૭૦૭૭, દિનેશ વિસરીયા: ૯૩૨૨૨ ૧૩૮૭૭, પપ્પુ સિંગ : ૯૮૨૦૧૦૧૪૯૩, ગોવિંદ વાધવાણી ૯૮૨૦૧૩૦૧૫૨



સ્વતંત્રતા દિવસ નિમિત્તે ઘર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ચાર વર્ષના ઋષિ ગંગેરીયાએ ૭૫મી ઓગસ્ટની ઉજવણીના ભાગરૂપે ઘર ઘર તિરંગાની પ્રતિકૃતિ પોતાની કારીગરીથી કરી હતી જે તસ્વીરમાં જોઈ શકાય છે.

## સ્વતંત્રતા દિવસ અનેરો

ધન્ય છે આ શુભ સ્વર્ણ દિવસ,
ધન્ય છે આ શુભ ઘડી,
જ્યારે ભારત માતાની,
ખુલી ગઈ છે બેડીઓ,
ભૌતિક બળને દૃઢ વિશ્વાસની
આગળ ઝૂકી ગયા ફિરંગી
સત્ય ને અહિંસાના સમન્વયથી
ભાગ્ય જાગ્યા ભૂમિના
દેશ નેતા ને ક્રાંતિવીરોના
રક્તને પ્રસ્વેદ બિંદુથી ધરા ન્હાઈ,
ત્યારે ફરી સ્વતંત્રતાની દેવી થઈ પ્રસન્ન
નભ મંડળને ભૂમિનો કણ કણ
જય-જયની ધ્વનિથી ગર્જિત થયો
અગણિત મા ના લાલના બલિદાનથી
ભારત માતાને મળ્યો આ શુભદિન
૧૫મી ઓગસ્ટનો આ શુભદિન
કદીના ભુલાશે,
આ દિન ઉચ્ચ અમર પદ
પામશે.



- ભાવના રીતેશ ગડા

# શ્રી કચ્છી લોહાણા રઘુસેના પરિવાર

ગાલા નં.૪, ગંગાવિહાર, આર.એચ.બી. રોડ, મુલુંડ (વેસ્ટ) મો. નં.૯૮૨૦૧૯૬૬૬૯

## શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ જોગ આવેદન

**શ્રી કચ્છી લોહાણા મહાજન, મુલુંડ**
**શ્રીમતી માયાબેન ગિરીશભાઈ કોઠારી (મે.ટ્રસ્ટી)**
**શ્રી ડો.મહેશભાઈ ઠક્કર (ટ્રસ્ટી)**
**શ્રી જાદવજીભાઈ આડઠક્કર (ટ્રસ્ટી)**
**શ્રી મોહનભાઈ ગણાત્રા (ટ્રસ્ટી)**
**શ્રી વસંતભાઈ ચંદે (ટ્રસ્ટી)**

જય ઝુલેલાલ,

ટ્રસ્ટ મંડળની ચૂંટણી પાંચ વર્ષ અગાઉ થઈ હતી જેની મુદત જુલાઈ ૨૦૨૪ માં પૂરી થઈ ગઈ છે. આ પાંચ વર્ષના સમય ગાળા દરમ્યાન આપશ્રીઓએ એક પણ જનરલ સભા બોલાવવાની તસદી લીધી નથી. આપશ્રીઓની નૈતિક જવાબદારી હતી કે દર વર્ષે જનરલ સભા બોલાવીને મહાજનના દર વર્ષના ઓડીટેડ હીસાબ કિતાબ આપવાના હતા જેમાં તમો નિષ્ફળ રહ્યા છો.

**નીચે જણાવેલા સમાજના આગેવાનોએ ચૂંટણી પહેલા એક જાહેર સભા મુલુંડ મહાજનવાડીમાં બોલાવી હતી.**

૧) શ્રી અશોકભાઇ બળીયા
૨) શ્રી જમનાદાસ ડોસાભાઇ ગણાત્રા
૩) દિલીપભાઈ રવાણી
૪) પ્રદીપભાઈ કારીયા
૫) મુકેશભાઈ સોમૈયા
૬) જયંતભાઈ મજેઠિયા
૭) ધીરજભાઈ માનસત્તા
૮) શ્રી જયેશભાઈ ગણાત્રા
૯) નવીનભાઈ રામજી કોઠારી

ઉપરોક્ત આગેવાનોએ જાહેર સભામાં બાંહેધરી આપી હતી કે
૧) તેઓ ટ્રસ્ટમંડળની ચૂંટણીમાં ભાગ લેશે નહીં.
૨) ટ્રસ્ટ મંડળની ચૂંટણી પછી ત્રણ મહિનાની અંદર પ્રમુખ અને કારોબારીની ચૂંટણી કરાવશે.
૩) દર વર્ષે નિયમ પ્રમાણે જનરલ સભા બોલાવવામાં આવશે.
૪) પાંચ વર્ષ પછી ટ્રસ્ટ મંડળની ચૂંટણી કરાવવામાં આવશે.

ઉપરોક્ત બાંહેધરીમાંથી ફક્ત એક જ (નંબર ૧) વચન પુરૂ પાડવામાં આવ્યુ છે તેથી આના માટે જવાબદાર કોણ :- ટ્રસ્ટ મંડળ કે આગેવાનો ?

ક્રમશઃ

**આપના વિશ્વાસુ જ્ઞાતિ સેવકો**

| | |
|---|---|
| ચંદ્રેશભાઈ મજેઠિયા | અજયભાઈ અનમ |
| જીગરભાઈ ચંદે | નવીનભાઈ અનમ |
| ભરતભાઈ મહીંધર | રાજેન્દ્રભાઈ કતિરા |
| જયેશ કોટક | મહેન્દ્રભાઈ દૈયા |

તા.૧૨-૦૮-૨૦૨૪

Click Here

# બાળકોમાં સ્થૂળતા : કારણો, નિવારણ અને તંદુરસ્ત ભવિષ્ય તરફના પગલાં




બાળકોમાં સ્થૂળતા (Childhoodobesity) એ આજના સમાજમાં ચિંતાનો વિષય બની ગયો છે, જે બાળકોના સ્વાસ્થ્ય અને સુખાકારી માટે દૂરગામી અસરો ધરાવે છે. આ સમસ્યાના કારણોને સમજવા તેમજ તેને રોકવા અને તેના નિવારણ માટે સક્રિય પગલાં લેવાં ખૂબ મહત્વના છે. અહીં ધ્યાનમાં લેવાના કેટલાક મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે છે:

**બાળકોમાં સ્થૂળતા થવાના કારણો :**

બાળપણની સ્થૂળતા અનેક પરિબળોના સંયોજનનું પરિણામ છે. બેઠાડુ જીવનશૈલી, મોબાઈલ અને ટીવી સામે વધુ પડતો સ્ક્રીન સમય, અસ્વસ્થ આહારનું સેવન અને આનુવંશિક વલણ વજન વધારવામાં ફાળો આપી શકે છે. આ ઉપરાંત પર્યાવરણીય પરિબળો, જેવા કે પ્રોસેસ્ડ ખાદ્યપદાર્થોની સહેલાઈથી ઉપલબ્ધિ અને બાળકોને રમવા માટે સલામત જગ્યાઓનો અભાવપણ ભૂમિકા ભજવે છે.

**નિવારણ :**

બાળપણની સ્થૂળતાને રોકવા માટે બહુઆયામી અભિગમની જરૂર છે. નિયમિત શારીરિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું જરૂરી છે; બાળકોએ દરરોજ ઓછામાં ઓછો એક કલાક મધ્યમથી લઈને જોશભેર કસરત કરવી જોઈએ. ફળો, શાકભાજી, આખા અનાજ અને પચવામાં હલકાં હોય તેવા પ્રોટીન સહિત સંતુલિત અને પૌષ્ટિક આહારને પ્રોત્સાહન આપવું મહત્વપૂર્ણ છે. ખાંડયુક્ત પીણાં અને ઉચ્ચ કેલરી નાસ્તાને મર્યાદિત કરવાથી વધુ પડતી કેલરીની માત્રા ઘટાડવામાં મદદ મળી શકે છે. વધુમાં, સ્વસ્થ આદતો પર ભાર મૂકતા સકારાત્મક અને સહાયક ઘરના વાતાવરણને ઉત્તેજન આપવું જરૂરી છે

**તંદુરસ્ત ભવિષ્ય તરફના પગલાં :**

માતા-પિતા પોતાના ઉદાહરણ દ્વારા બાળકોનેપ્રેરિત કરે: જો બાળકો તેમના માતા-પિતા અને સંભાળ રાખનારાઓને સતત સારી અને સ્વસ્થ ટેવો અપનાવતા જુએ તો તેઓ પણ તંદુરસ્ત ટેવો અપનાવે તેવી શક્યતા વધુ હોય છે.

શારીરિક પ્રવૃત્તિને મનોરંજક બનાવો: બાળકોને આનંદ આવે તેવી પ્રવૃત્તિઓ કરવા પ્રોત્સાહિત કરો, જેમ કે સાઇકલિંગ, સ્વિમિંગ અથવા નૃત્ય. બાળકોનો સ્ક્રીન સમય મર્યાદિત કરો અને તેમને મેદાની રમતો (આઉટડોર ગેમ્સ) રમવા પ્રોત્સાહન આપો.

બાળકોને તંદુરસ્ત ખોરાકનું સેવન કરવા પ્રોત્સાહન આપો: રસોડામાં પૌષ્ટિક ખોરાકનો જ સંગ્રહ કરો અને બાળકોને ભોજન આયોજન અને તૈયારીમાં સામેલ કરો. કૌટુંબિક ભોજનને પ્રોત્સાહિત કરો અને તેમને મોબાઈલ અને ટીવીની સ્ક્રીનની સામે બેસીને ખાવાથી રોકો.

બાળપણની સ્થૂળતાના કારણોને સંબોધિત કરીને અને નિવારક પગલાં અમલમાં મૂકીને, આપણે બાળકોને સ્વસ્થ જીવન જીવવામાં મદદ કરી શકીએ છીએ અને લાંબા ગાળાની સ્વાસ્થ્ય સમસ્યાઓનું જોખમ ઘટાડી શકીએ છીએ. ચાલો, આપણે સાથે મળીને એવું વાતાવરણ બનાવીએ જે આપણા બાળકોની સુખાકારીમાંવૃદ્ધિ કરે અને તેનું જતન કરે.

# USAના વાઈસ પ્રેસિડન્ટ કમલા હેરિસના પર્સનલ આસિટન્ટ તરીકે કચ્છી લોહાણા યુવતી ઓપલ વધન








**રાજન ચંદે**

મૂળ કચ્છ મોટા આસંબિયાના રૂક્ષ્મીબેન ગોવિંદજી વધન મૂળ નૂખ માધવાણીના પૌત્રી અને કામિની અરૂણભાઈ વધનના પુત્રી ઓપલ વધન-Opal Vadhan હાલે યુએસએના વાઈસ પ્રેસિડન્ટ અને આગામી ચૂંટણી માટે ડેમોક્રેટિસ પાર્ટીના પ્રેસિડન્ટના ઉમેદવાર કમલા હેરીસના પર્સનલ આસિટન્ટ તરીકે ફરજ બજાવે છે. ઓપલ વધન આ અગાઉ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે બરાક ઓબામા હતા ત્યારે તેમની કેબિનેટમાં સ્ટેટ સેક્રેટરી તરીકે હિલેરી કિલ્ટન હતા ત્યારે પણ તેમના પીએ તરીકે રહી ચૂક્યા છે. આમ વાઈટ હાઉસમાં ઉચ્ચ પદે કચ્છી લોહાણા યુવતીનું મહત્વનું સ્થાન હોવું સમસ્ત રઘુવંશી સમાજ માટે ગૌરવ છે.

દાદા ગોંવિદજી વધન-માધવાણી વર્ષો અગાઉ માંડવી તાલુકાના મોટા આસંબિયા ગામમાં ટપાલ વિભાગમાં નોકરી કરતાં હતા. તે પછી આખું કુટુંબ ઘાટકોપર મુંબઈ સ્થળાંતર થયું હતું અને ત્યાર પછી સૌ પરિવાર યુએસએ જઈ વસયું છે. વધન એ કચ્છી લોહાણામાં નૂખ નથી પણ પરિવારની ખાસ સ્વીકારાયેલી ઓળખ હોવાનું જાણકારો તરફથી જણાવાયું છે. અગાઉ આર્થર રોડના હાલે મુલુંડ નિવાસી કોટડી મહાદેવપુરીના શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ તથા શ્રી લોહાણા મહાપરિષદના ભૂતપૂર્વ મંત્રી શશીકાન્ત રણછોડદાસ કોટકના ભાણેજના ઓપલ વધન પુત્રી છે.







Click Here

## ગોલ્ડ એજ ગ્રુપના સિનિયર મેમ્બરની ગૌરવવંત સિધ્ધિ



ગોલ્ડન એજ ગ્રુપના સૌથી સિનિયર મેમ્બર ભારતીબેન મહેતાને કાવ્ય રચના માટે બે બેવાર પુરસ્કૃત કરવામાં આવ્યા અને સર્ટિફિકેટ, તેમજ મેડલ બ્રોન્ઝ આપવામાં આવ્યા. જુલાઈ મહિનામાં એમણે ૮૪ પુરાં કરીને ૮૫ પ્રવેશ કર્યો છે પણ આજે પણ એમની કાવ્ય રચનાની મૌલિકતા એવી જ અસરદાર રહી છે. ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઇ મોદી ને ૭૩ મા જન્મ દિવસે શુભેચ્છા રૂપે કાવ્ય રચના માટે ૭૩ કવિઓની રચનાઓની પસંદગી માં એક કાવ્ય રચના ભારતીબેન ની હતી બીજી રચના ગરવા ગિરનાર વિશેના કાવ્ય સંગ્રહ માં સ્થાન પામી હતી. આ રીતે વિશ્વ વર્લ્ડ રેકોર્ડ બીજું સન્માન મેળવ્યું જેના માટે ગોલ્ડન એજ ગ્રૂપ તેમને માટે ગર્વ મહેસૂસ કરે છે અને શુભેચ્છા પાઠવે છે.

## શેઠ જી.ટી.મેમોરિયલ હાઈસ્કૂલ કોઠારા ૧૯૫૦-૨૦૦૦ સુધીના બેચ વિદ્યાર્થીઓનો સ્નેહ મેડાવો



કચ્છના અબડાસા તાલુકાના કોઠારા નગરમાં ૧૮૬૫થી કાર્યાન્વિત વિદ્યાધામ-સરસ્વતી મંદિર નામે શેઠ શ્રી ગોકુલદાસ તેજપાલ મેમોરિયલ હાઈસ્કૂલના વર્ષ ૧૯૫૦ થી ૨૦૦૦ બેચમાં સામેલ વિદ્યાર્થી ભાઈ બહેનો સહપાઠીઓનો સ્નેહમિલન મેડાવો આવતી કાલે તા.૧૫ ઓગસ્ટ ગુરૂવાર સાંજે ૪ થી ૧૦ વાગ્યા સુધી પવાણી એસી બેન્કવેટ હોલ કચ્છી લોહાણા મહાજનવાડી, મુલુંડ વેસ્ટ મધે આયોજન કરાયો છે.

સદર સ્કૂલના ૫૧ વર્ષ દરમ્યાન કોઈપણ સત્રમાં સમાવેશ થયેલ ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ બહેનો શિક્ષણ જ્ઞાન પામી આજે પોતાની સધ્ધર કારકિર્દી બનાવી છે. સાથે ભણતા ભેરુ ભાઈ બંધોને વર્ષો પછી હળવા-મળવાનો અનેરો મોકો આ મેડાવો સુલભ કરાવશે. તો આવો મળીએ સુદામા થઈને કાં તો કૃષ્ણ બનીને અને સાંદીપની ગુરુકુળની યાદો તાજી કરીએ. સ્નેહ કાર્યક્રમ માટે સોમચંદ લોડાયા-૯૩૨૨૨૭૫૪૪૦ અને સાથીઓની ખમતીધર ટીમ સૌને આવકારવા ઉત્સુક છે.

## આરઆર ગ્લોબલ સ્કૂલ અને આર. આર. જુનિયર કોલેજ દ્વારા સ્વતંત્રતા દિવસ નિમિત્તે રેલીનું આયોજન

સરકારની 'હર ઘર તિરંગા પહેલ'ના બેનર હેઠળ, આર. આર.એજ્યુકેશનલ ટ્રસ્ટની આરઆર ગ્લોબલ સ્કૂલ અને આરઆર જુનિયર કોલેજે અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ભારતના ૭૭મા સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે મ્હાડા કોલોની, મુલુંડ ખાતે એક ઉત્સાહી રેલીનું આયોજન કર્યું હતું.







## મુલુંડ ઈસ્ટમાં BMC સંચાલિત સ્મશાનભૂમિના નૂતનીકરણમાં કરોડોનો ભ્રષ્ટાચાર થયો હોવાનો સ્થાનિક નાગરિકોનો આરોપ



મુલુંડ સ્મશાનભૂમિના નૂતનીકરણ, સુશોભિકરણ તેમજ અન્ય કામો માટે બૃહન્મુંબઈ મહાનગરપાલિકાએ ૪૨ લાખ, ૩૬ હજાર, ૬૭૮ રૂપિયાનું ટેન્ડર બહાર પાડ્યું હતું. આ કામનો કોન્ટ્રેક્ટ કે. કે. એન્જીનીયરિંગ નામની કંપનીને આપવામાં આવ્યો હતો. કોન્ટ્રેક્ટરએ થુકપટ્ટી લગાવીને આખરે શું કામ કર્યું છે? તેમ જ આમાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનો આરોપ સ્થાનિક રહેવાસીઓએ કર્યો છે. જો કોઈ ફરિયાદ કરે તો આ કામ યોગ્ય રીતે થયું હોવાનું બીએમસી દ્વારા જણાવવામાં આવતું હતું. કોન્ટ્રેક્ટરએ કરેલા કામની યોગ્યતા અને ગુણવત્તા પહેલા વરસાદમાં જ દેખાઈ ગઈ. કર્મચારીઓના કાર્યાલયથી લઈને લાકડાની વખારના શેડ સુધી અનેક સ્થળે વરસાદના પાણીનું ગળતર થાય છે. ભીંતો ભીંજાયેલી રહે છે. દરવાજા ફુગાઇ ગયા હોવાથી બંધ થતા નથી એટલે રાતના સમયે કર્મચારીઓઓ ક્યારેક તેમને દોરીથી બાંધીને તો ક્યારેક કોઈ ભારે વસ્તુ બંધ બારણા પાછળ રાખીને રાત કાઢવી પડે છે. આ પરિસ્થિતિમાં મહિલા કર્મચારીઓ ફરજ પર હોય છે ત્યારે તેમની સલામતીનો પ્રશ્ન પણ ઊભો થાય છે. પરંતુ લોકપ્રતિનિધિઓને આ પરિસ્થિતિ સામે લક્ષ આપવાનું મુરત આવ્યું હોય તેમ લાગતું નથી.

ગયા વર્ષે ચોમાસામાં આ સ્મશાનભૂમિની આનાથી પણ ભયંકર પરિસ્થિતિ હોવાથી તેની પાલિકા સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી. ત્યાર બાદ ફક્ત ટેન્ડર પાસ કરીને કામ ચાલુ થયું હોવાનું પાલિકા દ્વારા જણાવવામાં આવ્યું હતું, પરંતુ પ્રત્યક્ષ રીતે કામ વ્યવસ્થિત કરવામાં આવ્યું નથી. આ બાબત અંગે વારંવાર ફોલો અપ કરવામાં આવી રહ્યું છે. પ્રશાસનએ એની દખલ લઈને સંબંધિતો વિરૂદ્ધ યોગ્ય કારવાઈ કરવી જરૂરી છે. એકાદ જણનો જીવ જશે પછી પ્રશાસન જાગશે કે? એવો પ્રશ્ન સ્થાનિક સામાજિક કાર્યકર્તા રવિ નાઈક કર્યો હતો.






Click Here

## સ્પેશિયલ ક્વોટામાંથી સસ્તામાં ફ્લેટ અપાવવાની લાલચે મુલુંડના પત્રકાર સાથે ૧૬ લાખની છેતરપિંડી

મુલુંડના ૫૨ વર્ષીય વરિષ્ઠ પત્રકારે સ્પેશિયલ ક્વોટામાંથી ફ્લેટના બહાને પોતાને BMC કર્મચારી તરીકે દર્શાવતી મહિલા સહિત બે વ્યક્તિઓ વિરુદ્ધ રૂ.૧૬ લાખની કથિત છેતરપિંડી કર્યા બદલ મુલુંડ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

૨૦૧૯માં પત્રકાર નીતિન એલ. મણિયાર જ્યારે પોતાના માટે ફ્લેટ ખરીદવા વિવિધ પ્રોપ્રટીઓ જોઈ રહ્યા હતા ત્યારે તેમના પ્રોપર્ટી એજન્ટ-મિત્ર, સંદીપ વસરગાંવકરે (ઉ.વ. ૪૦) તેમને 'મુખ્યમંત્રીના પત્રકાર ક્વોટા' વિશે કહ્યું, જેમાં ઓછા ભાવે ઘર મેળવી આપવાનું વચન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ વસરગાંવકરે મણિયારનો પરિચય ૩૯ વર્ષીય હર્ષદા ચવ્હાણ સાથે કરાવ્યો હતો જેણે મુખ્યમંત્રી, વડા પ્રધાન અને BMC ક્વોટા અંતર્ગત સસ્તા ભાવે ફ્લેટ અપાવવાનું કહ્યું હતું અને પોતે 'બાંધકામ વિભાગ'માં BMC કર્મચારી હોવાનો દાવો કર્યો હતો.તેણે એ પણ દાવો કર્યો હતો કે તેનો 'દિલ્હી સ્થિત સરકારી લોગિન' મણિયારના પસંદગીના સ્થાન પર ફ્લેટ અપાવી શકે છે. ત્યારબાદ વસરગાંવકરે મણિયારને જે વિસ્તારમાં હર્ષદા બુકિંગ અને ડાઉન પેમેન્ટ સંભાળે છે તેમાં તેની પસંદગીના પ્રોજેક્ટનો RERA નંબર અને તેમને જ્યાં ફ્લેટ ખરીદવામાં રસ હોય તે એરિયા હર્ષદને જણાવવાની સલાહ આપી. તે અનુસાર મણિયારે મુલુંડ પશ્ચિમમાં મેરેથોન ઝવેર આર્કેડ પસંદ કર્યું અને વસરગાંવકરને તે પ્રોજેક્ટનો RERA નંબર આપ્યો. ત્યારબાદ વસરગાંવકરે એ બિલ્ડિંગમાં પાંચમાંથી બે એપાર્ટમેન્ટ અને બે દુકાનની ઓફર કરી. એ માટે મણિયારને ટોકન અમાઉન્ટ તરીકે હર્ષદાને રૂ.પાંચ લાખ અને મણિયારના દસ્તાવેજોને ઝડપથી પાસ કરાવવા માટે લાંચ તરીકે વધારાના રૂ.૪ લાખ ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું. બે મહિના પછી, વસરગાંવકરે મણિયારને એ જ બિલ્ડિંગમાં એક દુકાન ઓફર કરી, જેની કિંમત રૂ.બે કરોડ હતી પરંતુ તે રૂ.૪૦ લાખમાં ઉપલબ્ધ હતી. આ દુકાનની ટોકન રકમ તરીકે મણિયારે રૂ.૧૦ લાખ ચૂકવ્યા હતા. આ રીતે ઘણા મહિનાના સમયગાળા દરમિયાન, તેમણે બંનેને રૂ.૨૫ લાખ ચૂકવ્યા હતા.

માર્ચ ૨૦૨૧ સુધીમાં ફ્લેટ મળવામાં થઇ રહેલા વિલંબથી હતાશ થઈને મણિયારે રિફંડની માંગણી કરી હતી. વસરગાંવકર અને ચવ્હાણે અનુક્રમે રૂ.૪ લાખ અને રૂ.પાંચ લાખ ચેક દ્વારા પરત કર્યા હતા. તેમણે આપેલા અન્ય એક અપૂરતા ભંડોળને કારણે બાઉન્સ થયા હતા. વારંવાર પ્રયત્નો કરવા છતાં, મણિયાર રૂ.૧૬ લાખની વસૂલાત કરી શક્યા ન હતા. તેથી મણિયારે મુલુંડ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે બંને પર ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ (છેતરપિંડી), ૪૦૬ (વિશ્વાસનો ગુનાહિત ભંગ) અને ૩૪ (સામાન્ય હેતુ) હેઠળ આરોપ મુકીને ફરિયાદ નોંધી છે.

## મુલુંડના યુવાનનો હત્યા કરાયેલો મૃતદેહ ઘનસોલીમાં મળ્યો

મુલુંડમાં રહેતા ૨૫ વર્ષના યુવકની નવી મુંબઈમાં હત્યા કરી તેના મૃતદેહને રસ્તાના કિનારે ફેંકી દીધો હતો. યુવકની ઓળખ સુશીલકુમાર રામસજીવન બિંદ તરીકે થઇ હોઈ તેની હત્યા પાછળનું કારણ જાણી શકાયું નહોતું. નવી મુંબઈમાં બેલાપુર-થાણે રોડ પર ઘનસોલી વિસ્તારમાં એક દુકાન પાસે તા.૫ ઓગસ્ટ સોમવારે અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. તેના શરીર ઉપર ઈજાના નિશાન હતાં. બનાવની જાણ થતાં રબાળે પોલીસ સ્ટેશનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપ્યા બાદ આ પ્રકરણે એક્સિડેન્ટલ ડેથ રિપોર્ટ (ADR) દાખલ કરીને તપાસ હાથ ધરી હતી. તપાસ દરમ્યાન પોલીસને જાણવા મળ્યું હતું કે મૃતક મુલુંડનો રહેવાસી હતો અને તેની હત્યા કરવામાં આવી હોવાનું પોસ્ટમોર્ટમ અહેવાલમાં જણાવાયું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર સુશીલકુમાર બિંદ ઘનસોલી આવ્યો હતો, જ્યાં અજાણ્યા શખ્સોએ તેની હત્યા કરીને તેના મૃતદેહને રસ્તાના કિનારે ફેંકી દીધો હતો. આ પ્રકરણે પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરીને તેમની શોધ આદરી છે એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

## સોશિયલ મીડિયામાં ખૂબ ટીકા થવાથી મુલુંડના યુવાનનો આપઘાત માટે પ્રયાસઃ ૭૨ કલાક પછી બચાવી લેવાયો

જીમમાં એક યુવકને માથા પર મુદગલથી માર્યા બાદ મળેલા પ્રત્યાઘાતથી પરેશાન થઈને અને ત્યારપછી સોશિયલ મીડિયાની ટીકાથી મુલુંડમાં એક યુવકે પોતાનો જીવ લેવાનો પ્રયાસ કર્યો હતો. સદનસીબે તે બચી ગયો. આ યુવકે ૧૦૦ ફૂટની ઊંચાઈ એથી ખાડીમાં છલાંગ લગાવી હતી અને ૭૨ કલાક સુધી મેન્ગ્રોવના જંગલમાં ફસાઈ ગયો હતો. છેવટે, તેના પિતાએ તેને મૃત્યુના મુખમાં જવાથી બચાવ્યો.

બનાવની વિગત પ્રમાણે મુલુંડના રહેવાસી સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિના ધારવ નાકર (૩૪ વર્ષ)ની નવઘર પોલીસે ૧૭ જુલાઈના રોજ સ્થાનિક જીમમાં મુદગલ વડે એક યુવક પર હુમલો કરવા બદલ ધરપકડ કરી હતી. જો કે તેને ગયા શુક્રવારે જામીન આપવામાં આવ્યા હતા, તેમ છતાં ધારવ તેના આ વર્તન બદલ ખૂબ જ દુઃખી હતો અને તેણે તેના પરિવાર સહિત દરેકની માફી માંગી હતી. જો કે જ્યારે જીમની ઘટનાનો વિડિયો વાયરલ થયો ત્યારે તેને સોશિયલ મીડિયા પર આકરી ટીકાનો સામનો કરવો પડ્યો, જેના કારણે તે ખૂબ જ નિરાશ થઇ ગયો. પરિસ્થિતિની ગંભીરતાને સમજીને તેના પરિવારે તેને સાંત્વના આપવાનો પ્રયાસ કર્યો હતો. સોમવારે, ધારવ ઘરેથી નીકળ્યો ત્યારે કહ્યું હતું કે તે પર્સનલ ટ્રેનિંગ માટે જઈ રહ્યો છે. પરંતુ તે પછી સાંજે તેના પિતા મહેન્દ્રને પોલીસ તરફથી એક દુઃખદ ફોન આવ્યો અને તેમને જાણ કરી કે ધારવની બાઇક ઐરોલી બ્રિજ પરથી મળી આવી છે.

કશુક ખરાબ થયું હોવાના ડરથી, મહેન્દ્ર તરત જ પોલીસ સ્ટેશન ગયા અને તેમનો પુત્ર ગુમ થયાની જાણ કરી. કોઈ વ્યક્તિ પુલ પરથી કૂદી ગયો હોવાના સમાચારે તેની ચિંતા વધારી દીધી. ત્રણ વેદનાભર્યા દિવસો સુધી, મહેન્દ્રે તેના પુત્રની શોધ કરી. ગુરુવારે બપોરે, તેઓ વરિષ્ઠ પોલીસ નિરીક્ષક મદન પાટીલને મળ્યા, અને તપાસની ધીમી પ્રગતિ અંગે હતાશા વ્યક્ત કરી. તેમના પુત્રને શોધવા માટે મહેન્દ્ર પોતે ઐરોલી ખાડીમાં મેન્ગ્રોવ જંગલ તરફના સર્ચ ઓપરેશનમાં પોલીસ સાથે જોડાયા. ઘણા કલાકોની શોધ પછી, આખરે તેઓએ મદદ માટે ધારવની અસ્વસ્થ બૂમો સાંભળી.

મહેન્દ્ર અને સર્ચ ટીમ ધારવને બચાવવામાં સફળ રહી, જે ભાવનાત્મક અને શારીરિક રીતે થાકી ગયો હતો. પિતા-પુત્રનું પુનઃમિલન ભાવનાત્મક હતું.મહેન્દ્રએ તેમના પુત્રને ચુસ્તપણે ગળે લગાડ્યો અને વિડિયો કોલ કરીને તેની પત્નીની પત્નીને આ સુખદ સમાચાર આપ્યા.મહેન્દ્રએ તેમની ઊંડી રાહત વ્યક્ત કરતાં કહ્યું કે ધારવને ભગવાનની કૃપાથી નવું જીવનમળ્યું છે.

## રોટરી ક્લબ ઓફ મુલુંડ દ્વારા આદિવાસી શાળાઓમાં રેઈનકોટ તેમજ છત્રીઓનું વિતરણ કરાયું






રોટરી ક્લબ ઓફ મુલુંડ દ્વારા આદિવાસી વિસ્તારમાં યેહુર વિલેજની પંડિત શાળા, ટી.એમ.સી.શાળા નં. ૦૯ અને ટી.એમ. સી.શાળા નં.૬૫ ના ૪૭૦ વિદ્યાર્થીઓને રેઈનકોટ તેમજ છત્રીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. વરસાદની ઋતુમાં રેઈનકોટ-છત્રી મળતા બાળકો સર્વે ખુશ થઈ ગયા.

રોટરીના પ્રમુખ શ્રીમતી સીમા જોષીએ આ પ્રોજેક્ટ સ્પોનર કરી હાજર રહેવા બદલ તેમજ સુધીર જોષી અને વ્યોમ ઠક્કરનો સાથ સહકાર આપવા બદલ હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

ઉપરોક્ત માહિતી અખબારી યાદીમાં પી.આર.ઓ.શ્રીમતી અનુસયાબેન શાહે જણાવેલ છે.

Click Here



## સંગિની સૌરભ

સંકલન - હિના પારેખ
મો.૯૯૬૭૫૫૦૫૧૫
- બીના કીર્તિ શાહ



## ૨૧ મી સદીમાં જૈન ધર્મ અને અહિંસા (ભાગ-૧)

''અહિંસાને માનનાર વ્યક્તિની વાણી - વર્તન - વિચાર કયારેય બીજાને દ્વેષભાવ ઉત્પન્ન કરે તેવા ન હોય.''

જૈન ધર્મ એ વિશ્વનો એક મહાન ધર્મ છે. જૈન ધર્મ અહિંસા ધર્મ કથંચિત અર્થાત અનેકાંતવાદ કે સ્યાદ્વાદધર્મ, આર્હત ધર્મ, નિગ્રંથ ધર્મ આદિ નામે ઓળખાય છે. અહિંસા એ જૈન ધર્મનો પ્રાણ છે. જૈન સાધુઓ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોનું પાલન કરે છે. અહિંસા જ ઉત્કૃષ્ટ માનવધર્મ છે. જૈન ધર્મ સંસારનો કર્તા, ધર્તા અને સંહર્તા એવા એક ઈશ્વરને માનતો નથી. આ ધર્મમાં મનુષ્યથી મોટું કોઈ બીજું મહાન પ્રાણી નથી.

સમગ્ર વિશ્વએ ષડજીવનિકાય જીવંત જીવસૃષ્ટિ છે. ૨૧ મી સદીમાં માનવજાતે પ્રકૃતિનું ભયંકર શોષણ કરી મૂંગી જીવસૃષ્ટિનો કચ્ચરઘાણ કર્યો છે. આજે કરોડોની સંખ્યામાં પશુઓની કતલ માત્ર માનવીઓના ખોરાક માટે થઈ રહી છે. ધરતીકંપ, વાવાઝોડા, અનાવૃષ્ટિ જેવા પ્રકૃતિના ઉપદ્રવોથી જો માનવજાતને બચાવવી હોય તો પૃથ્વીને પાટલે અમારિપડહની જરુર છે. અહિંસા પરમો ધર્મ, અહિંસા પ્રથમો ધર્મ, અહિંસા પ્રભવો ધર્મ '' એ માનવ સંસ્કૃતિનું સુરક્ષા સૂત્ર છે. જેનો અનાદર સ્વયં ના વિનાશને નોતરશે.

અહિંસા એ જૈન ધર્મનો પાયો છે. અને પ્રથમ મહાવ્રત છે. બધાં જીવોની સમાનતાના સિધ્ધાંત માંથી અહિંસાનો આવિષ્કાર થયો છે. સર્વ જીવ જીવવા ઈચ્છે છે. કોઈને મરવું ગમતું નથી. હિંસા કરવાના વિચારથી જ કર્મબંધ થાય છે. આથી જૈનધર્મમાં હિંસા અને અહિંસા એ કર્તાના ભાવ પર આધારિત છે. જયાં પ્રમાદ છે ત્યાં નિત્ય હિંસા છે. અસત્ય વાણી અને વર્તન એ હિંસા છે. બીજાને આઘાત આપવો કે ભ્રષ્ટાચાર કરવો એ પણ હિંસા છે. વળી ભગવાન મહાવીરની અહિંસા એ માત્ર મનુષ્ય પુરતી જ મર્યાદિત નથી પણ પ્રાણીમાત્રને આવરી લે છે, અને જીવનની એકતામાં માને છે. જે પ્રાણી પ્રત્યે ઘાતકી થાય તે મનુષ્ય પ્રત્યે પણ ઘાતકી થઈ શકે છે. ક્રુરતા એ માત્ર બાહ્ય આચરણ નથી, પરંતુ આંતરિક દુર્વૃતિ છે. જેના હૃદયમાં ઘાતકીપણું હશે તે પ્રાણી હોય કે મનુષ્ય - સહુ પ્રત્ય ઘાતકી વર્તન જ કરશે. ૨૧મી સદીમાં માનવી એટલો ઘાતકી બન્યો છે કે પોતાની નવી બંદુક બરાબર ચાલે છે કે નહીં તે જોવા થોડાક લોકોને ગોળીથી ફુંકી દેતા એનું રૂંવાડુંય ફરકતું નથી. આમ માનવીના જીવનમાં એના આહારમાં તેમજ અખબાર, ટી. વી., કે સિનેમા જેવા સમૂહ માધ્યમો થી. હિંસાવૃત્તિને ઉશ્કેરતાં પુસ્તકોથી એનું ચિત્ત હિંસાથી ખદબદે છે. ત્યારે જૈનધર્મમાં પ્રભુ મહાવીરે પ્રબોધેલી અહિંસાની ભાવના પથ-દર્શક બને. જેના હૃદયમાં કરુણા હશે એ બધાં પ્રાણી કરુણા ભર્યું વર્તન કરશે જૈન ધર્મમાં પ્રભુ મહાવીરે પ્રરૂપેલી આ અહિંસાની કુંચી અઢી હજાર વર્ષ પછી મહાત્મા ગાંધીને મળી અને એમણે એની તાકાત બતાવી આપી. અહિંસાના આ સૂત્રને વ્યક્તિગત જીવનમાં આવતી સદીના પ્રત્યેક માનવીએ ઉતારવાનું રહેશે. જૈનધર્મ એ અખંડિતતા, સમગ્રતાનો આગ્રહ સેવે છે. ખંડિત નહી પણ અખંડિત આચરણ અને ભાવનાનો આ ધર્મ છે, તેથી ઘરનો માનવી અને દુકાનનો માનવી બન્ને એક હોવા જોઈએ. એટલે કે કીડી - મંકોડાને બચાવે પરંતુ માણસનું શોષણ કરે તે ન ચાલે. એ કુટુંબમાં વહાલસોયું વર્તન કરતો હોય અને વ્યવહારમાં કઠોર હોય તે પણ ન ચાલે એક સ્ત્રી ઘરમાં સર્મપણશીલ માતા હોય અને બહાર વસ્તુઓની લાલસા રાખતી નારી હોય તે પણ ન ચાલે. અહિંસાની ભાવના માત્ર રસોડામાં, ભક્ષ્ય - અભક્ષ્યના વિચાર આગળ જ અટકી જતી નથી, બલ્કે એ પ્રેમ અને અનુકંપાની સક્રિયતા સાથે જીવનમાં પાંગરવી જોઈએ. અહિંસાની આવી સક્રિયતા ને પ્રભુ વીરને ચંડકૌશિક જેવા કારણ વિના દંશ દેનારા ક્રોધી સુધી લઈ ગયા છતાં એની સાથેના વર્તનમાં એમનું વિશ્વવાત્સલ્ય જરા પણ ઓછું થયું નહોતું.

પરિગ્રહનો સીધો સબંધ હિંસા સાથે છે તેથી ૨૧ મી સદીના સમાજને માટે શોષણ અને ભ્રષ્ટાચાર એ હિંસાનું જ એક રુપ બનશે. ગરીબ, નબળા, દલિત કે લાચારનો ખોટો લાભ લેવો તે માત્ર સામાજિક અન્યાય જ નથી. પરંતુ એ હિંસા અને ઘાતકીપણું જ છે. આજ અહિંસા અન્ય મન, ધર્મ કે દર્શન સાથેના સહઅસ્તિત્વનું સૂચન કરે છે. આથી જ સંતબાલજીએ કહ્યું છે કે, માનવ સમાજને અહિંસક સંસ્કૃતિની અને સહઅસ્તિતત્વની ભેટ આપનાર જો કોઈ ધર્મ હોય તો તે જૈન ધર્મ જ છે. '' આજના યુગને અને આવતી કાલના વિશ્વને આવી ભાવનાની વિશેષ જરુર છે. આજે જગતમાં આંતકવાદ અનેક વિધ સ્વરુપે ફેલાયેલો છે. ત્યારે આ અહિંસા દ્વારા જ માનવજાતને ઉગારી શકાય,આજે દુનિયા પ્રદૂષણથી ઘેરાઈ છે. વૃક્ષોના નાશે માનવીને દુષ્કાળનો શ્રાપ આપ્યો છે. પ્રાણીઓની અમુક જાતો નષ્ટ થઈ ગઈ છે ત્યારે જૈન ધર્મની જયણાને સંભારવા જેવી છે. જૈન શ્રાવકો તિથિએ લીલોતરી ખાતા નથી. જૈન સાધુ ના આચારમાં પણ પર્યાવરણની ખેવના કેટલી બધી જોવા મળે છે ? પ્રભુ વીરે આપેલી અહિંસાના આચારની દ્રષ્ટિમાંથી જૈન ધર્મની આહાર સબંધી ઊંડી વિચારણા પ્રગટે છે. ૨૧મી સદીમાં જૈન ધર્મની સાથે સાથે અહિંસા શબ્દ બહુ વ્યાપક બન્યો છે, અને તેની વ્યાપકતાનું શ્રેય પ્રભુ વીરને અપાય. પ્રભુ વીરે પોતાના જીવન દ્વારા વિશ્વને અહિંસા અને ક્ષમા ભાવના બે મજબુત પરિબળ બતાવ્યા. જીવનમાં આ બે પરિબળ હોય તો દેશ, સમાજ, પરિવાર અને સ્વયં અવશ્ય સુખી બની શકે. અહિંસા અને ક્ષમા પરસ્પર સંકળાયેલા છે અહિંસાને માનનાર વ્યક્તિની વાણી - વર્તન - વિચાર કયારેય બીજાને દ્વેષભાવ ઉત્પન્ન કરે તેવા ન હોય. રાગ - દ્વેષ વગેરેની અનુત્પત્તિ જ અહિંસા છે એની ઉત્પત્તિ હિંસા છે.

# રક્ષાબંધન પાવન પર્વની શુભ વધાઈ...

**પ્રિય બંધુ,**


શ્રાવણની પૂર્ણિમાના દિવસે બહેનો ભાઈના જમણા હાથે રાખડી બાંધે છે. આ રક્ષાબંધનનું સૂત્ર ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનું એક ઊંચા આદર્શનું પ્રતિક છે. જે નવી જાગૃતિ કરાવી રહ્યો છે.

પરંતુ વર્તમાન સમય એ પવિત્ર પ્રેમ આત્મીય સ્નેહ દિવસે-દિવસે ઓછો થતો જાય છે. યાદ આવે છે કે, દેશમાં એક સીતાનું હરણ થતા હનુમાને આખી લંકાને બાળી નાખી. હવે એ જ દેશની નારીઓની લાજ લૂંટાઈ રહી છે. ત્યારે ખ્યાલ આવે છે કે, આજની નારી અથવા બહેન પોતાને સુરક્ષિત નથી સમજતી. હમેશા ભયભીત રહે છે. કારણ કે પવિત્ર રક્ષાબંધન યાદ અપાવે છે કે, નારીઓના દિલોની અવાજ સાંભળી ભાઈઓના મનમાં બહેનો પ્રતિ રક્ષા કરવાનો ભાવ ઉત્પન્ન થવો જોઈએ અને એની મન-વચન-કર્મથી લાજ રાખવી જોઈએ.

સ્વયં નિરાકાર પરમપિતા પરમાત્મા બ્રહ્માના માધ્યમ દ્વારા રક્ષાના સૂત્રનું મર્મ સમજાવે છે કે, હે આત્માઓ હવે જાગો! રક્ષાબંધન તહેવારનો યર્થાથ રહસ્ય સમજીને પણ વિકારો રૂપી અંધકારથી દૂર રહી શ્રેષ્ઠ ગુણોથી ભરપૂર બનો.

અમને પૂર્ણ વિશ્વાસ છે કે, આ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના પ્રતિક સ્વરૂપ અલૌકિક રાખડી આપ અવશ્ય બાંધો જેથી મનમાં રહેલા વિકાર, વ્યસન, વાસનાઓ તથા પાપ કર્મથી છૂટી જાઓ.

આ રક્ષા (રાખડી) છે બધાથી નિરાલી, સ્વચ્છ અને સ્વસ્થ સમાજ બનાવવાળી. રોગ, શોક અને દુઃખને હટાવવાળી. એક પિતા પરમાત્માથી પ્રીત જોડવવાળી. મન-વચન-કર્મને પવિત્ર બનાવવાળી, સમભાવ અને સદ્ભાવનાના દોરાથી આ રાખડીની તમને ખૂબ ખૂબ વધાઈ છે.



**- ડૉ.ગોદાવરી દીદી**

## માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચ દ્વારા નર્મદ જયંતિ પ્રસંગે વિદ્યાર્થી સન્માન

માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચ દ્વારા 'માતૃભાષા ગુજરાતી દિવસ' વીર નર્મદ જયંતિ શનિવાર તા.૨૪ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ઉજવવામાં આવશે. એ દિવસે સાંજે સંસ્થાના કાર્યાલય આનંદ કલાસીસ (એન.એસ.રોડ, મુલુંડ-પશ્ચિમ)માં ૪-૩૦ થી ૬-૦૦ સુધી યોજાનારા કાર્યક્રમમાં કવિ નર્મદના જીવનની ઝાંખી સાથે મુલુંડ, થાણા, ઘાટકોપરની ગુજરાતી માધ્યમની શાળાઓના એસ.એસ.સી. માર્ચ-૨૦૨૪ની પરીક્ષામાં શાળામાં પ્રથમ ક્રમાંકિત અને ગુજરાતી વિષયમાં પ્રથમ વિદ્યાર્થીનું તેમજ ગુજરાતી માધ્યમમાં ભણી એચ.એસ.સી.માં આ વર્ષે ગુજરાતી વિષયમાં પ્રથમ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે. આ માટે શાળાઓમાંથી પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની રીઝલ્ટની ઝેરોક્ષ સાથેની વિગત ફોટા સાથે શાળાના લેટરહેડ પર એમના નામ,એડ્રેસ,સંપર્ક નંબર સાથેની યાદી મળી રહે એવી આયોજકોની અપેક્ષા છે. સંપર્ક સૂત્રો-મહા મંત્રી લાલજી સર-૯૮૯૨૦૦૬૬૨૮, સહમંત્રીઓ ધીરેન તન્ના-૯૩૨૦૨૩૮૮૪૦ અને નિમેષ પી. ગાંધી-૯૨૨૪૪૪૨૭૯૫.

## 'મારી બહેન'

રાગ : ભૈયા મોરે છોટી બહન કો નિભાના....
બહેન મારી વાતોને મનમાં ન લાવશો
બહેન મારી આ ભાઈથી દુઃખ ન લાવશો
જોઈ લ્યો એના અંતરની લાગણી રે લાગણી... બહેન મારી
બહેન મારી પ્રેમની પૂજારણ
મનની તો બહુ જ ઉદાર
સાગર જેવું દિલ છે એમનું
મૂખડું એમનું ચંદ્રના જેવું
લાગે છે તે બહુ જ મહાન રે મહાન... બહેન મારી
અભ્યાસ એનો બહુ તેજસ્વી
ભાષા એમની પોપટ જેવી
ધર્મ એનો શુધ્ધ સાત્વિક
ચારિત્ર એનું નીરતા જેવું
પ્રાથુ છું એમની પ્રગતિ રે પ્રગતિ... બહેન મારી
માગું છું હું થોડી ચીજો
ના કરશો આપ એનો ઈન્કાર
સમયે સમયે આપજો મુજને
અંતર કેરા આશિર્વાદ
'દીનુ'ના કાર્યને નિભાવજો રે નિભાવજો... બહેન મારી

**રચનાર - દિનેશ રમણીકલાલ સંઘવી 'દીનુ'**

Click Here

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**



NS
II Shraddha's II
GROUP OF RESTAURANTS
II Shraddha's II
VEG RESTURANT - MULUND
VEG
Serving a
Wide Range of Jain Food
FREE
DELIVERY
IN MULUND
ORDER NOW
ON
SWIGGY
zomato
FIND US AS SHRADDHA'S PURE VEG
& GET YOUR FAVOURITES IN A TAP!
Hosting a Kitty Party?
GET EXCITING DISCOUNTS ON BILLS ABOVE ₹3,000!
SERVING AUTHENTIC VEG DELIGHTS SINCE 2006
SPECIALIZING IN INDIAN THALI
ENJOY OUR DELICIOUS CHINESE, PAV BHAJI, AND SANDWICHES
EXPLORE OUR OTHER OUTLETS
FOUR MORE SHOTS
II Shraddha's II
A FAMILY FINE DINNING & BAR
KALWA
HOTEL
AMIT GAREDEN
RESTO & BAR PARTY LAWN
II Shraddha's II
KITCHEN
09702373333 / 9137029288
SHOP 1-5 KULDEEP ISSH CHHYA, CHS, NS ROAD,
MULUND WEST, MUMBAI, MAHARASHTRA 400080
Click Here